અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ છઠ

વર્ષ : ૧૫
અંક : ૧૬૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886










## ગૃહમંત્રી અમિત શાહે વેજલપુરમાં આવેલા સ્વાતિ એપાર્ટમેન્ટ-૨ના બ્લોકમાં પતંગ ચગાવવા માટે પહોંચ્યા હતા



# લોકોએ ભારે ઉત્સાહ અને ઉમંગથી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી

## અમિત શાહે અમદાવાદના જાણીતા જગન્નાથ મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ વેજલપુરમાંથી પતંગ ચગાવીને ઉત્તરાયણની ઉજવણી કરી

**। અમદાવાદ, તા.૧૫ ।**

રાજ્યમાં લોકોએ ઉત્તરાયણ મનાવી હતી. આકાશ રંગબેરંગી પતંગોથી જોવા મળ્યું હતું. ઉત્તરાયણને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ચારે બાજુ કાપ્યો છે ના અવાજ ગુંજી રહ્યા હતા. બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના જાણીતા જગન્નાથ મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ વેજલપુરમાંથી પતંગ ચગાવીને ઉત્તરાયણની ઉજવણી કરી હતી. વેજલપુર પહોંચેલા શાહે એપાર્ટમેન્ટના ધાબા પરથી પતંગ ચગાવ્યા હતા, જોકે, આ પહેલા તેમણે ત્યાં હાજર બાળકોને પતંગ અને ચીકી સહિતની ઉત્તરાયણની ઉજવણીની સામગ્રીઓ પણ વહેંચી હતી. બાળકો ગૃહમંત્રીના હાથે પતંગ મેળવીને રાજી થઈ ગયા હતા. એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ અને વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય અન્ય નેતાઓ અને કાર્યકર્તાઓ પણ વેજલપુરમાં ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહે વેજલપુરમાં આવેલા સ્વાતિ એપાર્ટમેન્ટ-૨ના બ્લોક-માં પતંગ ચગાવવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન જ્યારે તેઓ ધાબા પર પહોંચે તે પહેલા બાળકોને પતંગ, ચીકી સહિતની સામગ્રીઓ વહેંચી હતી. અમિત શાહ વેજલપુર પહોંચ્યા તો ત્રણ અમિતનો સંયોગ બન્યો હતો. જેમાં ગૃહમંત્રી અમિત શાહ, એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ અને વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર પણ ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહ વેજલપુર આવવાના હતા તેના કારણે સુરક્ષા એજન્સીઓ પણ અગાઉથી વેજલપુર પહોંચ્યીને સુરક્ષા-વ્યવસ્થામાં જોતરાઈ હતી. નોંધનીય છે કે, અમિત શાહ આ પહેલા પણ ઘણી વખત અમદાવાદમાં ઉત્તરાયણની ઉજવણી કરી ચૂક્યા છે, પાછલા વર્ષે પણ તેઓ ઉત્તરાયણની ઉજવણી કરવા માટે વેલજલુપ પહોંચ્યા હતા. અમિત શાહ વેજલપુર પહોંચ્યા તે પહેલા તેમણે અમદાવાદના પ્રખ્યાત જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા હતા. મકરસંક્રાતિ નિમિત્તે તેમણે મંદિરમાં પૂજા-અર્ચના કર્યા હતા. તેઓ હવે ગાંધીનગર પણ જવાના છે.

### ન્યૂઝ બ્રિફ

### અટલબ્રિજ પિકનિક સ્પોટ બન્યો, જીવના જોખમે સેલ્ફી લેતા લોકો

**। મુંબઈ, તા.૧૫ ।**

પીએમ મોદીએ ૧૨ જાન્યુઆરીએ મુંબઈમાં અટલ સેતુનું ઉદઘાટન કર્યું હતું. નવી મુંબઈમાં આવેલો આ બ્રિજ ભારતનો સૌથી લાંબો દરિયાઈ બ્રિજ છે. જોકે તેના ઉદઘાટન બાદથી જ સોશિયલ મીડિયા પર ઘણાં વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે અટલ સેતુ પર હાજર લોકો વાહન વ્યવહારના નિયમોની મજાક બનાવી રહ્યા છે. આટલું જ નહીં અટલ સેતુ પર પાર્ક કરેલી સ્થિતિમાં ગાડીઓની લાઈન દેખાઈ રહી છે અને લોકો પોતાના જીવની ચિંતા કર્યા વિના સેલ્ફી લેતા દેખાઈ રહ્યા છે. લોકોના આ વલણને જોતાં સોશિયલ મીડિયા પર ઘણાં યુઝર્સ ભડક્યા હતા અને સવાલો ઊઠાવવા લાગ્યા હતા. ૨૧.૮ કિ.મી. લાંબુ અટલ સેતુ મુંબઈ અને નવી મુંબઈને જોડે છે. પીએમ મોદીએ તેનું ઉદઘાટન કર્યું હતું.

### દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક

# ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા નબળી જોવા મળી શકે : અહેવાલ

**। (એજન્સી) દાવોસ, તા.૧૫ ।**

આજથી સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનૉમિક ફોરમ (ડબલ્યુઈએફ)ની બેઠક શરૂ થઈ ગઈ છે, જેમાં 'ચીફ ઈકોનૉમિસ્ટ્સ આઉટલુક રિપોર્ટ' જારી કરાયો છે. રિપોર્ટમાં ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર ભારે સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. વિશ્વના ૫૬ ટકા મુખ્ય અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, વર્તમાન વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદ જોવા મળી શકે છે. જ્યારે ૧૦માંથી ૭ અર્થશાસ્ત્રીઓનું અનુમાન છે કે, વૈશ્વિક આર્થિક વિઘટનની પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે. બેઠકના પ્રથમ દિવસે વૈશ્વિક સ્થિતિ-૨૦૨૪નો ચીફ ઈકોનૉમિસ્ટ્સ આઉટલુક રિપોર્ટ જારી કરાયો છે. રિપોર્ટ મુજબ ૫૬ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા નબળી જોવા મળી શકે છે, જ્યારે ૫૩ ટકા અર્થશાસ્ત્રીઓના મત મુજબ, સ્થિતિ યથાવત્ રહેશે અથવા નાણાંકીય સ્થિતિ વધુ નબળી પડશે. આમાના મોટાભાગના અર્થશાસ્ત્રીઓએ આવનારા દિવસોમાં લેબર માર્કેટ્સ અને નાણાંકીય સ્થિતિ વધુ નબળી પડવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ નવા વર્ષમાં મોંઘવારી સંભાવના નથી, પરંતુ તમામ સેક્ટરમાં વિકાસનો આઉટલુક જુદો જુદો છે અને તેમાના એકપણ સેક્ટરમાં મજબુત આર્થિક વિકાસ થવાની શક્યતા જોવા મળી રહી નથી.

### કોંગ્રેસની 'ભારત જોડો ન્યાય યાત્રા'નો બીજો દિવસ

# મણિપુરમાં લોકો સંવેદનશીલ સરકાર ઈચ્છે છે : કોંગ્રેસનો દાવો

## વર્તમાન સરકાર એવી છે, જેના બે મંત્રી રાજ્યમાં હાજર જ નથી, તેઓ ઓનલાઈન કામ કરતા હોવાનો જયરામ રમેશનો આક્ષેપ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।**

કોંગ્રેસની 'ભારત જોડો ન્યાય યાત્રા'નો આજે બીજો દિવસ છે. રાહુલ ગાંધી આજે સેકમાઈથી કરોંગ, ત્યારબાદ નાગાલેન્ડ પહોંચી જશે. કોંગ્રેસે ૧૪ જાન્યુઆરીએ બૌથલથી યાત્રા શરૂ કરી હતી. કોંગ્રેસ નેતા જયરામ રમેશ રાહુલની યાત્રા અંગે માહિતી આપી છે. જયરામ રમેશે કહ્યું કે, 'રાહુલ ગાંધીએ યાત્રાની શરૂઆતથી અત્યાર સુધીમાં પસાર થઈ રહેલા લોકો અને બસમાં લોકો સાથે વાતચીત કરી. અમને જાણવા મળ્યું કે મણિપુરના લોકો અને સંગઠનોએ રાજ્યમાં પારદર્શક, જવાબદાર સરકાર ઈચ્છે છે. લોકો સંવેદશનશીલ સરકાર ઈચ્છે છે. મણિપુરની વર્તમાન સરકાર એવી છે, જેના બે મંત્રી રાજ્યમાં હાજર જ નથી. તેઓ ઑનલાઈન કામ કરે છે. અહીંની ભાજપ સરકારના મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાંસદો પણ હજુ સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી શક્યા નથી.

## ૨૦ જાન્યુઆરીથી અયોધ્યામાં બહારના લોકો પર પ્રવેશબંધી

**। (એજન્સી) અયોધ્યા, તા.૧૫ ।**

૨૦ જાન્યુઆરીથી રામનગરી અયોધ્યામાં બહારના લોકોને પ્રવેશ નહીં મળે. અયોધ્યા ધામ અને શહેરમાં રહેનારા લોકોને તેમના ઘર સુધી પહોંચવાની મંજૂરી આપવામાં આવશે. જોકે આ માટે તેમને ઓળખ પત્ર બતાવવું પડશે. અયોધ્યા ધામમાં રહેતા લોકોને પોલીસ તંત્રએ ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ ન નિકળવાની અપીલ કરી છે. અયોધ્યા શહેરમાં ફક્ત એ જ લોકો પ્રવેશ કરી શકશે, જેમને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી આમંત્રણ મળ્યું છે અથવા તે શહેરના રહેવાસી છે. ૨૦ થી ૨૨ જાન્યુઆરી સુધી અયોધ્યા ધામ હાઈ સિક્યોરિટી ઝોનમાં રહેશે. રામનગરીની તમામ બોર્ડર સીલ રહેશે. ૨૦ જાન્યુઆરીથી જ અયોધ્યા ધામમાં બહારના વાહનોને પ્રવેશ ન આપવાની તૈયારી છે. આ વાહનોને ઉદયા ચોક, સાકેત પેટ્રોલ પંપ, નવા ઘાટ સહિત અન્ય એન્ટ્રી પોઈન્ટ પર રોકવામાં આવશે. માત્ર અયોધ્યા ધામમાં રહેતા લોકોને તેમના ઘર સુધી જવાની છૂટ અપાશે. જિલ્લાના અન્ય વિસ્તારોથી અયોધ્યા કેન્ટ વિસ્તારમાં આવનારા લોકોને શહેરમાં નહીં રોકવામાં આવે. તો તંત્ર તરફથી જાહેર કરાતા ડાયવર્ઝન પ્લાનનું પાલન કરીને શહેરના ડેસ્ટિનેશન સુધી જઈ શકશે.

## સેન્સેક્સમાં ૭૬૦, નિફ્ટીમાં ૨૧૦ પોઈન્ટનો વધારો નોંધાયો

**। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।**

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે બીએસઈસેન્સેક્સ ૧.૦૪ ટકા વધીને ૭૬૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૩,૩૨૮ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૧૦ પોઈન્ટથી વધુના વધારા સાથે ૨૨૧૦૫ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. સોમવારે નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સ વધીને બંધ થયા છે. શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, વિપ્રો, ઓએનજીસી, એચસીએલ ટેક અને ઈન્ફોસિસના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો જ્યારે એચડીએફસી લાઈફ, બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ અને હિન્દાલ્કોના શેર નબળાઈ પર બંધ થયા હતા. સોમવારે, શેરબજારના બમ્પર તેજીના સમયગાળા દરમિયાન, ગૌતમ અદાણી જૂથની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેર ખોટમાં ટ્રેડ થઈ રહ્યા હતા. અદાણી પાવરને ઓછામાં ઓછું નુકસાન થયું હતું જ્યારે અદાણી ટોટલ ગેસ લગભગ બે ટકાના મહત્તમ નુકસાન સાથે કામ કરી રહ્યું હતું.




# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગાંધીનગર નજીકના ધોળેશ્વર મહાદેવ મંદિરના સ્વચ્છતા સફાઈ અભિયાનમાં સહભાગી થયા





અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો પવિત્ર અવસર આગામી તા.૨૨મી જાન્યુઆરીના રોજ યોજાવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પવિત્ર ઉત્સવ ના સંદર્ભમાં તા.૧૪/૦૧/ ૨૦૨૪થી તા.૨૨/૦૧/૨૦૨૪ સુધી દેશભરના તમામ નાના મોટા ધર્મસ્થાનોની સ્વચ્છતા સફાઈ માટે સાર્વત્રિક રીતે સફાઈ અભિયાન હાથ ધરવાનું દેશવાસીઓને આહવાન કર્યુ છે. આ રાજ્યવ્યાપી અભિયાનમાં રવિવાર, ૧૪ જાન્યુઆરી ,મકર સંક્રાંતિના દિવસે સવારે ગાંધીનગર નજીકના ધોળેશ્વર મહાદેવ મંદિરમાં સામૂહિક સફાઈ દ્વારા સહભાગી થયા હતા. તેમણે મંદિર પરિસરની સફાઈ કરી હતી અને ધોળેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન શિવજીના દર્શન અર્ચન કર્યા હતા. ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર તેમજ શહેર અને જિલ્લાના સંગઠન ના અગ્રણીઓ આ અભિયાનમાં જોડાયા હતા.

## ડભોઈમાં આવેલ મહાલક્ષ્મી બેંકની માન્યતા RBIએ રદ્દ કરી

। (એજન્સી) ડભોઈ, તા.૧૫ ।

કર્મચારીઓના કૌભાંડને કારણે ગુજરાતની સૌથી જુની સહકારી બેંક બંધ થઈ છે. ડભોઈની સૌથી જૂની બેંકના કર્મચારીઓએ જ બેંકનું કરી નાંખ્યું. જેથી બેંક ફડચામાં જતા પાંચ બ્રાન્ચને તાળા લાગ્યા છે. વડોદરા પાસે ડભોઈમાં આવેલ મહાલક્ષ્મી બેંકની માન્યતા RBI એ રદ્દ કરી છે. બેંકના અનગઢ વહીવટના કારણે RBI એ માન્યતા રદ્દ કરવાનો નિર્ણય લીધો છે. બેંક પાસે પૂરતી આવક અને રોકાણ ન હોવાથી આ નિર્ણય લેવાયો છે. બેંકના પૂર્વ મેનેજર સુરેશ પટેલે કરોડો રૂપિયાનું ફ્રોડ કર્યું હતું. ૧૯૭૨થી શરૂઆત થયેલી મહાલક્ષ્મી બેંકનું લાઈસન્સ આખરે આરબીઆઈ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યું, છેલ્લા ઘણા સમયથી વિવાદોના ઘેરામાં રહેલી મહાલક્ષ્મી બેંકના સત્તાધીશો અને મેનેજરોની કુટનીતિના કારણે ખાતેદારો મુશ્કેલીમાં મુકાયા છે. આ બેંક મૂળ વડોદરાની બેંક છે. જેની વડોદરા અને આસપાસના વિસ્તારોમાં કુલ ૫ બ્રાન્ચ આવેલી છે. આ તમામ બ્રાન્ચને હવે તાળા લાગી જશે. આ પાંચેય બ્રાન્ચ હવે બંધ કરવાનો વારો આવ્યો છે. તેથી જો તમારા રૂપિયા આ બેંકમાં હોય તો ચેતી જજો. આ સમાચારથી ખાતેદારના જીવ તાળવે ચોંટ્યા છે. સમગ્ર ગુજરાત ભરમાં દિવસેને દિવસે મર્કેન્ટાઇન અને કોપરેટીવ બેંકો ફડજચામાં જતી નજરે આવે છે. સાથે સાથે બેંકમાં રહેલા સત્તાધિશોના ઘેર વહીવટને લઈને અનેક પ્રશ્નો અને સમસ્યાઓ ઊભી થાય છે. તેવામાં વડોદરાના ડભોઈ ખાતેથી ૧૯૭૨માં મહાલક્ષ્મી મર્કેન્ટાઇન ઓપરેટિવ બેંકની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ શરૂઆતના વર્ષોમાં બેંકે વડોદરા જિલ્લામાં નામના મેળવી લીધી હતી. પરંતુ સમયાંતરે બેંકના સત્તાધીશો તેમજ મેનેજરો દ્વારા પોતાના ફાયદા અને પોતાના ફાયદા અને પોતાના ઘરો ભરવા માટે કેટલાક નિર્ણયો કરવામાં આવ્યા હતા. જેની સીધી અસર બેંકના ખાતેદારો પર થઈ હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી ૨૦૨૪ સુધી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા અને ઘાયલ પક્ષીઓની સારવાર માટે ચાલી રહેલા રાજ્યવ્યાપીકરૂણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં કાર્યરત વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ આ મુલાકાત દરમિયાન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં ઓપરેશન થિયેટર, ઓપીડી, એક્સરે રૂમ તથા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ વન્ય પ્રાણી ફોટોગ્રાફ એક્ઝિબિશનની પણ મુલાકાત લીધી હતી. વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક તેમજ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન નિત્યાનંદ શ્રીવાસ્તવ એ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ઉત્તરાયણ પર્વમાં ઘાયલ પક્ષીઓને બચાવવાનું આ અભૂતપૂર્વ અભિયાન છે. ૨૦૧૭ થી ચાલી રહેલા આ અભિયાનમાં અત્યાર સુધીમાં હજારો ઘાયલ પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા છે. તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન સુધી ચાલી રહેલા આ અભિયાનને સફળ બનાવવા પશુપાલન, વન વિભાગ, મહાનગરપાલિકાઓ અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સહભાગી બની છે. મુખ્યમંત્રીની આ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ તેમજ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન નિત્યાનંદ શ્રીવાસ્તવ, નાયબ વન સંરક્ષકશ્રીઓ અને વન વિભાગના અન્ય અધિકારીઓ, કરુણા અભિયાન સાથે જોડાયેલી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેનેડામાં વધુ એક ગુજરાતી વિદ્યાર્થી ગાયબ

## સુરત શહેરનો ગુજરાતી સ્ટુડન્ટ કેનેડામાં નવ દિવસથી ગુમ છે

**પાટીદાર યુવક છેલ્લે નાયગ્રા ફરતો દેખાયો, કોલેજના કામે જવાનું કહીને નીકળ્યો હતો**

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

હાલ કેનેડા તરફ જવાનો ગુજરાતીઓનો મોહ વધી રહ્યો છે. પરંતુ આ મોહ વચ્ચે કેનેડામાં એવુ થઈ રહ્યુ છે કે લોકોને વિચારતા કરી દે. કેનેડામાં ગુજરાતી વિદ્યાર્થીઓના ગુમ થવાના સમાચાર આવી રહ્યાં છે. કેનેડામાં ગત વર્ષે અનેક ગુજરાતી વિદ્યાર્થીઓના શંકાસ્પદ રીતે મોત થયા હતા. ત્યારે વધુ એક ગુજરાતી યુવક કેનેડાની ધરતી પરથી ગુમ થયો છે. કેનેડાના કિચનરમાં રહેતા સુરતના પાટીદાર યુવક કરણ પટેલનો છેલ્લા ૯ દિવસથી કોઈ અત્તોપત્તો નથી. કેનેડામાં છેલ્લાં બે વર્ષથી ભારતીય, ખાસ કરીને ગુજરાતી યુવાનોના અચાનક જ ગાયબ થવાના બનાવો વધી ગયા છે, જેમાંથી ઘણા યુવાનોના મૃતદેહ મળ્યા હતા. જ્યારે અમુક યુવકોના હજી કોઈ સગડ મળ્યા નથી, જેમાં વધુ એકનો ઉમેરો થયો છે. ગુજરાતથી ભણવા ગયેલો ૨૫ વર્ષનો યુવક અચાનક ગાયબ થઈ ગયો છે. કિચનરમાં ભણતો કરણ પટેલ નામનો સ્ટુડન્ટ ૯ દિવસથી ઘરેથી નીકળ્યો હતો, જેના બાદથી તે કોઈને દેખાયો નથી. મૂળ સુરતના અડાજણનો વતની અને કેનેડાના કિચનર ટાઉનમાં રહેતો કરણ પટેલ ગઈ તારીખ ૩ જાન્યુઆરી, ૨૦૨૪એ ઘરેથી નીકળ્યો હતો, પરંતુ પછી તે પરત ફર્યો નથી. પાટીદાર યુવક છેલ્લે નાયગ્રા ફરતો દેખાયો, કોલેજના કામે જવાનું કહીને નીકળ્યો હતો. કરણ પટેલના ગાયબ થવાથી તેના પરિવારજનો અને કેનેડામાં રહેતા તેના મિત્રો ચિંતાતુર બન્યા છે. છેલ્લા કેટલાક સમયથી તમે સાંભળી રહ્યા હશો કે તમારા કોઈ સંબંધી કે પાડોશી કેનેડામાં જઈ રહ્યાં છે, અથવા તો ત્યાં સેટલ્ડ થયા છે. કેનેડા જવાની રીતસરની લાગેલી હોડ વચ્ચે કેટલીક આઘાતજનક ઘટનાઓ બની રહી છે, જેને ધ્યાનમાં લેવી જરૂરી છે.

### પાલનપુરમાં અજીબ ઘટના સામે આવવા લાગી

## ઘર-વાહન પર તાંત્રિક વિધિનો માહોલ જોઈ લોકોમાં ફફડાટ

**અહીં લીંબુ અને કંકુ તેમજ કોલસા સહિત લાલ ચણોઠી અને કાળા રંગના કપડાંના પુતળામાં સોંય ભોંકેલી હોય એવું વિધિ કરેલું જોવા મળે છે**

। (એજન્સી) પાલનપુર, તા.૧૫ ।

રાત્રી દરમિયાન પાલનપુરના એક વિસ્તારમાં અજીબ ઘટના સામે આવવા લાગી છે. પાલનપુરના એક વિસ્તારમાં તાંત્રિકો જાણે કે આવી ચડ્યા હોય એમ લોકોના ઘર અને વાહનો પર તાંત્રિક વિધિ કરી હોય એમ તેના લગતી ચિજો મળવા લાગી છે. એ પણ પાછુ તાંત્રિક વિદ્યા કરીને મુકી હોય એ પ્રકારે, સ્વાભાવિક રીતે જ સમસ્યાઓ જાણે શરુ થઈ ગયા જેવો પરસેવો છૂટવા લાગે.

સામાન્ય રીતે લોકો પોતાના દોષ કે અન્ય સમસ્યાઓને દૂર કરવા માટે પૂજા વિધિ કે પછી તંત્ર મંત્ર કરાવતા હોય છે. પરંતુ જ્યારે કોઈ અજાણ્યા લોકો દ્વારા જ તમારા ઘર, વાહન કે દુકાન પર આવી વિધિ કરી હોય એવા સંકેત જોવા મળે તો? સ્વાભાવિક છે કે મગજ ચકરાવે જ ચડી જાય. આવુ જ કંઈક પાલનપુરમાં બન્યુ છે. પાલનપુર શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં અજાણ્યા તાંત્રિકો ઉતરી આવ્યા હોય એવો અહેસાસ થઈ રહ્યો છે. સ્થાનિકોને તાંત્રિક વિધિ કરેલી હોય એવા દ્રશ્ય પોતાના ઘર અને કાર વાહનોમાં જોવા મળતા જ હેરાન પરેશાન બની ગયા છે. ગઠામણ વિસ્તારમાં આવેલા જામપુરા એરિયામાં સ્થાનિકોની પરેશાની જરા વિચિત્ર બની છે. આ વિસ્તારના લોકો ઘરનો દરવાજો ખોલે તો તાંત્રિક વિધિ કરી હોય એવો માહોલ ઘરની બહાર જોવા મળી રહ્યો છે. ઘર જ નહીં પરંતુ ગાડી અને વાહનો પર પણ આવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અહીં લીંબુ અને કંકુ તેમજ કોલસા સહિત લાલ ચણોઠી અને કાળા રંગના કપડાંના પુતળામાં સોંય ભોંકેલી હોય એવું વિધિ કરેલું જોવા મળે છે.

**પાટણની રાણકીવાવને લઈ સારા સમાચાર આવી રહ્યા છે**

## પાટણની રાણકીવાવ સંકુલમાં ૧૮.૮૩ કરોડના ખર્ચે નવું આકર્ષણ તૈયાર કરાશે

### ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત દ્વારા પ્રોજેક્ટને લઈ કાર્યવાહી




। (એજન્સી) પાટણ, તા.૧૫ ।

પાટણની રાણકીવાવમાં હવે પ્રવાસીઓને નવુ આકર્ષણ જોવા મળશે. વિશ્વ વિરાસત સ્થળ પર હવે નવું આયોજન કરવામાં આવ્યુ છે અને જ્યાં હવે મુલાકાત લેનારાઓને વધુ એક આકર્ષણનો લાભ મળશે.

વરસે ચારેક લાખ પ્રવાસીઓ વિશ્વ વિરાસત રાણકીવાવની મુલાકાત લેતા હોય છે. જેઓ અહીં કલા સ્થાપત્યના વારસને નિહાળીને અદ્ભૂત અહેસાસ અનુભવતા હોય છે.ટૂંક સમયમાં જ હવે અહીં થ્રીડી પ્રોજેક્શન પ્રોજેક્ટ શરુ થનાર છે. વાવ સંકુલમાં જ મેપિંગ શો અને હેરિટેજ લાઈટીંગનો શો પણ શરુ કરવામાં આવનાર છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પર્યટન સ્થળોના વિકાસ અને તેના આકર્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. જે મુજબ હવે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત દ્વારા નવા પ્રોજેક્ટને લઈ કાર્યવાહી હાથ ધરી છે. આ માટે ૧૮.૮૩ કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ સંભવિત ખર્ચ સાથેના ટેન્ડરની પ્રક્રિયા પણ કરી દેવામાં આવી છે. જેના થકી ભવ્ય લાઈટીંગ સહિતનો નજારો જોવા મળશે.

રાણીની વાવ ૯૦૦ વર્ષથી વધુ જૂનો ઈતિહાસ ધરાવે છે. વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવ પ્રવાસીઓમાં ખૂબ જ આકર્ષણ ધરાવે છે. અહીંની દિવાલો અને સ્તંભો પર અદ્ભૂત કલાકૃતિઓ અને શિલ્પો કોતરવામાં આવી છે.

**વિશેષ** ગુજરાતના યુવા ઉદ્યમી અને 'AIRX ટેકનોલોજી' સ્ટાર્ટઅપના ફાઉન્ડર અને CEO શ્રી શની પંડ્યા દ્વારા સંશોધિત

# 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૨૪' ગાંધીનગર ખાતે સોલાર ટાઈલ્સ મુલાકાતીઓ માટે બની આકર્ષણનું કેન્દ્ર

। (માહિતી) ગાંધીનગર ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ અંતર્ગત ગાંધીનગર ખાતે "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો" યોજાયો હતો. આ ટ્રેડ શોમાં વિશ્વના ૨૦ દેશોના અંદાજે ૧ હજારથી વધુ પ્રદર્શકો સહભાગી થયા હતા.

ગુજરાતના યુવા ઉદ્યમી અને 'AirX ટેકનોલોજી' સ્ટાર્ટઅપ ફાઉન્ડર શની પંડ્યા દ્વારા સંશોધિત સોલાર ટાઈલ્સ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રોડક્ટ માર્કેટમાં લૉન્ચ કરે તે પહેલાં યુએઈ અને સિંગાપોરથી એડવાન્સ ઓર્ડર મળ્યા છે.

આ સોલાર ટાઈલ્સ વિશે માહિતી આપતાં શ્રી શની પંડ્યાએ જણાવ્યું હતું કે, આ સોલર ટાઈલ્સને વિકસાવવામાં તેમને લગભગ ૨ વર્ષનો સમય લાગ્યો હતો. આ ટાઈલ્સ ખૂબ જ કાર્યક્ષમ છે અને તેમાંથી ઘણી માત્રામાં વીજળીનું ઉત્પાદન થઈ શકે છે. આ સોલાર ટાઈલ્સ ટેકનોલોજી ભારતના ટકાઉ ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ ટેકનોલોજી નવીનતા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.




### ખતમ થઈ રહી છે ટીમ રાહુલ ગાંધી

# ૨૦૧૯ બાદ કોંગ્રેસ સાથે છેડો ફાડી ચૂક્યા છે ૧૧ મોટા નેતા

## આવી સ્થિતિમાં સામાન્ય ચૂંટણી પહેલા મિલિંદ દેવરા જેવા મોટા નેતાનું પક્ષ છોડવું કોંગ્રેસને મોટું નુકસાન પહોંચાડી શકે છે

। નવી દિલ્હી, તા.૧૫ ।

મિલિંદ દેવરાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ ભારત જોડો ન્યાય યાત્રા પહેલા પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસ માટે આ એક મોટો ફટકો છે કારણ કે લોકસભાની ચૂંટણી હવે થોડા મહિનાઓ બાદ જ યોજાવાની છે. આવી સ્થિતિમાં સામાન્ય ચૂંટણી પહેલા મિલિંદ દેવરા જેવા મોટા નેતાનું પક્ષ છોડવું કોંગ્રેસને મોટું નુકસાન પહોંચાડી શકે છે. ખાસ વાત એ છે કે મિલિંદ દેવરા કોંગ્રેસ છોડનારા પહેલા નેતા નથી. તાજેતરના ભૂતકાળમાં મિલિંદ સહિત ૧૧ મોટા નેતાઓએ પાર્ટી સાથેના સંબંધો તોડી નાખ્યા છે. મિલિંદ દેવરા આ લિસ્ટમાં પહેલા નંબરે છે.



મિલિંદ દેવરાએ રવિવારે કોંગ્રેસમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી. મિલિંદ દેવરાએ તાજેતરમાં મુંબઈ દક્ષિણ બેઠક પરથી ચૂંટણી લડવાનો દાવો કરતા ઉદ્ધવ ઠાકરેના જૂથ પર નારાજગી વ્યક્ત કરી હતી. મિલિંદ દેવરા પરિવારનો કોંગ્રેસ સાથે ૫૫ વર્ષ જૂનો સંબંધ રહ્યો હતો. પરંતુ મિલિંદ દેવરાના રાજીનામા સાથે જ આ સંબંધનો પણ અંત આવી ગયો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ આ યાદીમાં બીજા સ્થાને છે. કપિલ સિબ્બલે ૧૬ મે ૨૦૨૨ના રોજ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. જોકે તેમણે રાજીનામું આપ્યાના એક સપ્તાહ બાદ આ જાહેરાત કરી હતી. બાદમાં તેમણે સમાજવાદી પાર્ટી તરફથી રાજ્યસભા સાંસદ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતા ગુલામ નબી આઝાદે ૨૦૨૨માં પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. તે સમયગાળા દરમિયાન પાર્ટી છોડનારા તે સૌથી મોટા નેતાઓમાંના એક હતા.

રાજીનામું એ ૨૦૨૨ માં પાર્ટી દ્વારા સામનો કરવામાં આવેલ સૌથી મોટી હકાલપટ્ટી હતી. ગુલામ નબી આઝાદે હવે જમ્મુ-કાશ્મીરમાં ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટીના નામથી પોતાની પાર્ટી બનાવી છે. ગુજરાતના પાટીદાર નેતા હાર્દિક પટેલે રાહુલ ગાંધીથી નારાજ થઈને મે ૨૦૨૨માં રાજીનામું આપીને કોંગ્રેસ છોડી દીધી હતી. રાહુલ ગાંધી ૨૦૧૯માં હાર્દિકને પાર્ટીમાં લાવ્યા હતા. હાર્દિક પટેલે પોતાના રાજીનામામાં લખ્યું છે કે પાર્ટીના મોટા ભાગના મોટા નેતાઓ તેમના ફોનમાં વ્યસ્ત રહે છે. રાજીનામા બાદ તેઓ ભાજપ માં જોડાયા હતા.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અશ્વિની કુમારે પંજાબ ચૂંટણીના થોડા દિવસો પહેલા ફેબ્રુઆરી ૨૦૨૨માં કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. પાર્ટીના અનુભવી નેતા અશ્વિની કુમાર ૨૦૧૯ની ચૂંટણીમાં હાર બાદ પાર્ટી છોડનારા પ્રથમ નેતાઓમાંના એક હતા. પંજાબ કોંગ્રેસના એકમનું નેતૃત્વ કરી રહેલા સુનીલ જાખરે ૨૦૨૨માં તત્કાલિન મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીની ટીકા કરવા બદલ નેતૃત્વ દ્વારા કારણ બતાવો નોટિસ પાઠવ્યા બાદ પાર્ટી છોડી દીધી હતી. તેઓ મે મહિનામાં ભાજપમાં જોડાયા હતા અને તે જ વર્ષે જુલાઈમાં તેમને ભાજપ પંજાબ યુનિટના વડા બનાવવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી આરપીએન સિંહ જાન્યુઆરી ૨૦૨૨માં કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. ઉત્તર પ્રદેશની ચૂંટણી પહેલા આવું કરનાર તેઓ સૌથી અગ્રણી નેતા બન્યા હતા. આરપી સિંહ એક અગ્રણી પછાત જાતિના નેતા છે. પ્રિયંકા ગાંધીની આગેવાની હેઠળના ઉત્તર પ્રદેશમાં પ્રચારમાંથી બાકાત રાખવા બદલ તેઓ નારાજ હતા. હાલમાં કેન્દ્રીય મંત્રી રહેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ ૨૦૨૦માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. તેઓ કોંગ્રેસ છોડીને ભાજપ માં જોડાયા હતા. તે દરમિયાન મધ્યપ્રદેશમાં કોંગ્રેસમાં મોટા પાયે પક્ષપલટો થયો, જેના કારણે કમલનાથ સરકાર પડી હતી.

જ્યોતિરાદિત્ય સિંધિયા રાહુલ ગાંધીની યુવા ટીમનો મહત્વનો ભાગ હતા. જિતિન પ્રસાદ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પણ હતા અને રાહુલ ગાંધીના ખૂબ જ નજીકના માનવામાં આવતા હતા. જોકે, તેમણે ૨૦૨૧માં કોંગ્રેસ છોડી દીધી હતી. આ પછી તેઓ ભાજપ માં પણ જોડાયા હતા. તે દરમિયાન તેઓ ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસનો ટોચનો બ્રાહ્મણ ચહેરો હતો. પોતાના નિર્ણયનો બચાવ કરતા તેમણે કહ્યું હતું કે ભાજપ જ એક માત્ર વાસ્તવિક રાજકીય પક્ષ છે. કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે જુલાઈ ૨૦૧૯માં રાજ્યસભાની બે બેઠકો માટેની પેટાચૂંટણીમાં પાર્ટીના ઉમેદવાર વિરુદ્ધ મતદાન કર્યા બાદ પાર્ટી છોડી દીધી હતી. થોડા દિવસો પછી તેઓ ભાજપમાં જોડાયા અને રાધનપુરથી પેટાચૂંટણી માટે મેદાનમાં આવ્યા હતા. પરંતુ તેઓ ચૂંટણી હારી ગયા હતા. જો કે ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં તેઓ ગાંધીનગર દક્ષિણમાંથી જીત્યા હતા. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એકે એન્ટોનીના પુત્ર અનિલ એન્ટોની ગયા વર્ષે જાન્યુઆરીમાં પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા. ભારતને વિકાસના પંથે આગળ ધપાવવા માટે ખૂબ જ સ્પષ્ટ વિઝન ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વખાણ કર્યા હતા.

### મકર સંક્રાંતિ પર પીએમ મોદીનો અનોખો અંદાજ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી PMOમાં પાળેલી ગાયોને વ્હાલ કરતા જોવા મળ્યા







। નવી દિલ્હી, તા.૧૫ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મકર સંક્રાંતિની અમુક તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં પીએમ મોદી ગાયો સાથે દેખાઈ રહ્યા છે. તસવીરોમાં દેખાતી ગાયોની સુંદરતા પણ અદ્ભૂત છે. પીએમ મોદી મકર સંક્રાંતિનો તહેવાર પોતાના નિવાસ સ્થાને ઉજવતા જોવા મળ્યા હતા. તસવીરોમાં દેખાતી ગાયો બહારની નથી, પણ પીએમઓમાં તેને પાળવામાં આવી છે. પીએમ મોદી એક એક કરીને તમામ ગાયોને ચારો ખવડાવતા જોવા મળી રહ્યા છે. આ દરમ્યાન દરેક ગાયને તેઓ વ્હાલ કરતા જોવા મળે છે. પીએમ મોદી તરફથી જે ગાયોને ચારો ખવડાવામાં આવે છે તેની સુંદરતા અદ્ભૂત છે. આ ગાયો સામાન્ય ગાયથી અલગ છે. તેની નસલ અને બનાવટ પણ સામાન્ય ગાયથી અલગ છે. હકીકતમાં જોઈએ તો, હાલમાં જ પીએમ મોદીની આ ગાયો સાથે તસવીરો સામે આવી હતી. આ તસવીરમાં પીએમ મોદી પોતાના નિવાસ સ્થાન પર આ ગાયોને વ્હાલ કરતા જોવા મળ્યા હતા. પીએમ મોદી મોટા ભાગે તહેવાર પર કંઈકને કંઈક નવું કરતા હોય છે. કાં તો કોઈ કાર્યક્રમમાં સામેલ થતાં હોય છે અથવા તો પોતાના નિવાસ સ્થાને લોકો સાથે મળતા હોય છે.

# લદ્દાખ સરહદે સ્થિતિ સામાન્ય નથી, કાશ્મીરમાં પાક.નું આતંકવાદી કાવતરું

## ઉત્તરી સરહદ પર સ્થિતિ સ્થિર છે પરંતુ સામાન્ય નથી અથવા હું કહી શકું કે તે સંવેદનશીલ છે

। (એજન્સી) શ્રીનગર, તા.૧૫ ।

સેનાના એક ટોચના કમાન્ડરે કહ્યું કે, ઉત્તરીય સરહદ પર સ્થિતિ સ્થિર છે પરંતુ 'સામાન્ય નથી'. તેમણે લદાખ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણના સંદર્ભમાં આ ટિપ્પણી કરી હતી. ઉત્તરી કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, મે ૨૦૨૦માં પૂર્વ લદાખમાં સાત સ્ટેન્ડઓફ પોઈન્ટ્સમાંથી પાંચ ભારતીય સેના અને પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા ઉકેલાઈ ગયા છે અને બાકી બે જગ્યા માટે હજુ વાતચીત ચાલુ છે. તેમણે પત્રકારોને કહ્યું કે, 'ઉત્તરી સરહદ પર સ્થિતિ સ્થિર છે પરંતુ સામાન્ય નથી અથવા હું કહી શકું કે તે સંવેદનશીલ છે.' સંભવતઃ પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા સૈન્ય કમાન્ડરે કહ્યું કે, પાડોશી દેશ પુંછ-રાજૌરી વિસ્તારમાં આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યો છે. કારણ કે તેને વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યો પસંદ નથી. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ કહ્યું કે, 'પુંછ-રાજૌરી ક્ષેત્રમાં લોકોના જીવનમાં સમૃદ્ધિ આવી છે અને જીવનધોરણમાં સુધારો થયો છે. રોકાણ આવતું હતું અને લોકોને નોકરીઓ મળતી હતી. પરંતુ આપણા પાડોશી દેશને આ શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ પસંદ નથી. એટલા માટે આ વિસ્તારમાં આતંકવાદને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે પરંતુ અમે આતંકવાદ વિરોધી અભિયાન શરૂ કર્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આવનારા દિવસોમાં આતંકવાદી ગતિવિધિઓ પર અંકુશ આવશે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ કહ્યું કે, આ વિસ્તારમાં પોલીસ, સેના અને સ્થાનિક લોકો વચ્ચે વધુ સારા તાલમેલની જરૂર છે. તેમણે કહ્યું કે, 'પોલીસ સ્ટેશનોની સંખ્યા વધારવામાં આવી રહી છે અને અમે તેમને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે કેટલાક કાર્યક્રમો શરૂ કર્યા છે.

આ પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મદદ કરશે.' સૈન્ય કમાન્ડરે કહ્યું કે, ૨૦૨૩ને 'શૂન્ય ઘૂસણખોરી વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે. કારણ કે કોઈ આતંકવાદી નિયંત્રણ પાર કરીને દેશમાં પ્રવેશવામાં સફળ થયો નથી. તેમણે પત્રકારોને કહ્યું કે, 'પપરંતુ તમે કહેશો કે ઘણા આતંકવાદીઓ આવી રહ્યા છે. અમે પગલાં લીધાં છેપ જો તમે ગયા વર્ષે જુઓ તો માર્યા ગયેલા માત્ર ૨૧ આતંકવાદીઓ સ્થાનિક હતા જ્યારે બાકીના ૫૫ વિદેશી હતા. ૨૦૨૨માં ૧૨૧ યુવાનો આતંકવાદી સંગઠનમાં જોડાયા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા માત્ર ૧૯ થઈ ગઈ.' લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ કહ્યું કે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ જમ્મુ અને કાશ્મીરમાં ખૂબ જ સકારાત્મક ફેરફારો થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, 'છેલ્લા ચાર વર્ષોમાં ઘણા બધા ફેરફારો થયા છે અને તમામ ફેરફારો સારા માટે છે, પછી ભલે તે માળખાકીય વિકાસ, પ્રવાસીઓના આગમન અથવા વિદેશી રોકાણો સાથે સંબંધિત હોય. એકંદરે, તે લોકો માટે સારું છે અને જમ્મુ અને કાશ્મીર રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.' તેઓ શ્રીનગરમાં સશસ્ત્ર દળોના ભૂતપૂર્વ સૈનિક દિવસ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા હતા. સશસ્ત્ર દળો દર વર્ષે ૧૪ જાન્યુઆરીએ ભૂતપૂર્વ સૈનિક દિવસની ઉજવણી કરે છે.



નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ભારતના હવામાન વિભાગના ૧૫૦ વર્ષ પૂરા થવાના અવસરે વાઈસ પ્રેસિડેન્ટ જગદીપ ધનખરે વૃક્ષને પાણી પીવડવતા નજરે પડે છે.

## કેનેડા વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ મૂકશે?



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કેનેડાની પોલિસી અત્યાર સુધી શક્ય એટલા વિદેશી સ્ટુડન્ટને આવકાર આપવાની રહી છે. પરંતુ હવે ધીમે ધીમે પોલિસીમાં ફેરફાર થઈ રહ્યો છે. કેનેડામાં છેલ્લા કેટલાક સમયથી હાઉસિંગની કટોકટી છે જેના કારણે હવે અહીં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ મૂકવા વિચારણા ચાલે છે. કેનેડાના ટોચના નેતાઓનું કહેવું છે કે તેમના દેશની સિસ્ટમ ખોરવાઈ ગઈ છે અને હવે તેને ફિક્સ કરવાની જરૂર છે. કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે જણાવ્યું કે દેશમાં બેરોજગારી અને હાઉસિંગ કટોકટી વધી રહી છે. કેનેડામાં જે લોકો કામની શોધમાં આવે છે તેમને કામ કે રહેવા માટે મકાન મળી શકતું નથી. તેના કારણે આખી સિસ્ટમ સુધારવી જરૂરી છે. બેરોજગારી અને મકાનોની અછત વિશે ઘણા સમયથી ફરિયાદ થઈ રહી છે. ભારતથી કામની શોધમાં અને કેનેડામાં કાયમ માટે સેટલ થવા ગયેલા યુવાનોને પણ કડવી વાસ્તવિકતા સમજાઈ છે. તેના કારણે કેનેડાનું સ્વપ્ન અધવચ્ચેથી છોડીને પરત આવી જતા લોકોની સંખ્યા પણ વધી છે. આ દરમિયાન કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર મિલરે કહ્યું કે આગામી અમુક મહિનામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ લાદવામાં આવી શકે છે. ચાલુ વર્ષના પ્રથમ અને બીજા ક્વાર્ટરમાં આ પગલાંનો અમલ થવાની શક્યતા છે. ખાસ કરીને હાઉસિંગની વધતી અછતથી કેનેડા પરેશાન છે. જોકે, કેનેડા હવે વિદેશી સ્ટુડન્ટની સંખ્યામાં કેટલો કાપ મૂકશે તે સ્પષ્ટ નથી થયું. આખા કેનેડા માટે પણ એક આંકડો નહીં હોય. દરેક પ્રોવિન્સ પોતાની જરૂરિયાત પ્રમાણે સ્ટુડન્ટની સંખ્યાને લિમિટ કરી શકે છે. આ દરમિયાન કેનેડાથી બહારના લોકો આવવાનું સાવ બંધ નહીં થાય. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૨૪માં કેનેડામાં ૪.૮૫ લાખ લોકોને વસવાટની મંજૂરી આપવામાં આવશે જ્યારે વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં આ આંકડો પાંચ લાખનો હશે. કેનેડામાં આવતા સ્ટુડન્ટ વિશે વાત કરતા મિલરે કહ્યું કે આપણે આપણી જોબ કરવાની છે. આપણી સિસ્ટમ એવી હોવી જોઈએ જેમાં આપણને પહેલેથી ખબર હોય કે વિદેશથી કેનેડા આવતા લોકો નાણાકીય રીતે સક્ષમ હોય. આપણે તેમના ઓફર લેટરને વેરિફાઈ કરવા પડશે. વર્ષ ૨૦૨૩ના ત્રીજા ક્વાર્ટરમાં લગભગ ત્રણ લાખ ટેમ્પરરી રેસિડન્ટ કેનેડા આવ્યા હતા જેમાં વિદેશી સ્ટુડન્ટની સાથે સાથે માઈગ્રન્ટ વર્કર્સ પણ સામેલ હતા. માર્ક મિલરે એમ પણ જણાવ્યું કે કેનેડામાં ઈમિગ્રન્ટની સંખ્યા વધવાના કારણે કેવી અસર થાય છે તેનો પણ અભ્યાસ કરવો પડશે. પર્મેનન્ટ અને ટેમ્પરરી બંને રેસિડન્ટની વધતી સંખ્યાની અસર જાણવી પડશે. આપણે હવે વિચારવાનું છે કે વર્કર્સની સંખ્યા વધવાના કારણે ચોક્કસ એરિયામાં કેવી અસર પડે છે. કેનેડા દ્વારા વિદેશી સ્ટુડન્ટ અને કામદારો પર અંકુશ મુકવામાં આવશે તો દેશને ફાયદો થવાના બદલે વધારે નુકસાન થશે તેવી આગાહી એક્સપર્ટ વ્યક્ત કરી ચૂક્યા છે. ઘણા નિષ્ણાતોનું કહેવું છે કે કેનેડાએ માત્ર હાઉસિંગ ક્રાઈસિસનું કારણ આપીને વિદેશીઓને આવતા અટકાવવા ન જોઈએ.

### યાત્રા માર્ચના ત્રીજા અઠવાડીયામાં મુંબઈ પહોંચશે

# મણિપુરથી રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા શરુ

## કોંગ્રેસ પાર્ટી આ યાત્રા દ્વારા લોકસભા ચૂંટણીમાં બેરોજગારી, મોંઘવારી અને સામાજિક ન્યાયા સાથે જોડાયેલા મુદ્દા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસની ન્યાય યાત્રા મણિપુરથી શરુ થઈ ગઈ છે. તેના માટે રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના કેટલાય નેતાઓ ઈમ્ફાલમાં પહોંચી ગયા છે. કાર્યકર્તાઓએ તેમનું સ્વાગત ફુલોથી કર્યું હતું. આ યાત્રાને આગામી ૨૦૨૪ની સંસદીય ચૂંટણી માટે કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરવા માટે કોંગ્રેસની આ અંતિમ હથિયાર માનવામાં આવે છે. પાર્ટીએ વધારેમાં વધારે લોકોને આ યાત્ર સાથે જોડાવાની અપીલ કરી છે. આ યાત્રા ૬૫૦૦ કિમી સુધી ૧૫ રાજ્યોની લગભગ ૧૦૦ લોકસભા સીટ કવર કરશે. રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ પાર્ટી રવિવારથી ભારત જોડો યાત્રાનો બીજો તબક્કો શરુ કર્યો છે. બીજા તબક્કાની યાત્રાને કોંગ્રેસે ભારત જોડો ન્યાય યાત્રા નામ આપ્યું છે. જો કે, આ યાત્ર નિશ્ચિત સમયે શરુ થઈ શકી નહોતી. ઈમ્ફાલમાં ભારત જોડો ન્યાય યાત્રા શરુ થવામાં મોડુ થવાને લઈને રાહુલ ગાંધીએ માફી માગતા કહ્યું કે, દિલ્હીમાં હવામાન ખરાબ હોવાના કારમે અમારી ફ્લાઈટ મોડી પડી. તેના માટે માફી માગું છું. મણિપુર હિંસા બાદ પીએમ મોદી આ રાજ્યમાં નહીં આવવાની ટિકા કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, પીએમ મોદીને મણિપુરનું દુઃખ દેખાતું નથી. કોંગ્રેસ પાર્ટી આ યાત્રા દ્વારા લોકસભા ચૂંટણીમાં બેરોજગારી, મોંઘવારી અને સામાજિક ન્યાયા સાથે જોડાયેલા મુદ્દા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગે છે. આજથી શરુ થતી આ યાત્રા માર્ચના ત્રીજા અઠવાડીયામાં મુંબઈ પહોંચશે, જ્યાં તેનું સમાપન થશે.

### માલદીવના રાષ્ટ્રપતિની ટણી

# ૧૫ માર્ચ સુધીમાં ભારતીય સેનાને પાછી બોલાવી લેવા આદેશ આપ્યા

## માલદીવમાં ભારતીય સેનાના ૮૮ જવાનો છે, મુઈઝ્ઝૂ સરકાર લગભગ બે મહિના પહેલા જ ભારતીય સૈનિકોની વાપસીનું આહ્વાન કર્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝૂએ ફરી એક વાર તેવર બતાવ્યા છે. મુઈઝ્ઝૂ સરકારે માલદીવમાંથી ભારતીય સૈનિકોને હટાવવા માટે ૧૫ માર્ચ સુધીનો સમય આપ્યો છે. માલદીવના રાષ્ટ્રપતિએ કહ્યું કે, ભારતીય સૈન્યકર્મીઓને ૧૫ માર્ચ સુધી દેશ છોડવાનો રહેશે. મુઈઝ્ઝૂનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે તે શનિવારે ચીનની પાંચ દિવસીય યાત્રા ખતમ કરીને માલદીવ પરત ફર્યા છે. આ મુલાકાત દરમ્યાન મુઈઝ્ઝૂએ ચીની રાષ્ટ્રપતિ શીન જિનપીંગ સાથે મુલાકાત કરી હતી. હકીકતમાં જોઈએ તો, છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય સેનાની એક ટુકડી માલદીવમાં તૈનાત છે. આ ટુકડીને માલદીવની પાછલી સરકારના આગ્રહ પર તૈનાત કરી હતી. ભારતીય સેનાની આ ટુકડી સમુદ્રી સુરક્ષા સાથે સાથે ત્રાસદી રાહત કાર્યોમાં માલદીવ સેનાની મદદ કરે છે. પણ હવે મુઈઝ્ઝૂની સરકારે ભારતીય સેનાની ટુકડીને ૧૫ માર્ચ સુધીમાં માલદીવ છોડવાનું ફરમાન આપી દીધું છે. માલદીવના પબ્લિક પોલિસી સેક્રેટરી અબ્દુલ્લા નાઝિમ ઈબ્રાહિમે કહ્યું કે, ભારતીય સૈન્ય કર્મી હવે દેશમાં રહી શકશે નહીં. આ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝૂ અને તેની સરકારની નીતિ છે. મીડિયા રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, માલદીવમાં ભારતીય સેનાના ૮૮ જવાનો છે. મુઈઝ્ઝૂ સરકાર લગભગ બે મહિના પહેલા જ ભારતીય સૈનિકોની વાપસીનું આહ્વાન કર્યું હતું. પણ હવે તેમને તેના માટે સમય મર્યાદા નક્કી કરી દીધી છે.

## તંત્રી લેખ...

# દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યો માટે કોલ્ડવેવની ચેતવણી

દેશની રાજધાની દિલ્હી ઠંડીની ચપેટમાં છે. શનિવારે દિવસ એટલો ઠંડો હતો કે લઘુત્તમ તાપમાન શિમલાના તાપમાનની આસપાસ પહોંચી ગયું હતું. સવારથી સાંજ સુધી અનેક વિસ્તારોમાં ધુમ્મસ છવાયું હતું. ઠંડી એટલી બધી હતી કે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. રાજધાની દિલ્હીમાં શનિવારે લઘુત્તમ તાપમાન ૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સિઝનનું અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન હોવાનું કહેવાય છે. શનિવારે સાંજે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું જ્યારે શિમલામાં મહત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ હતું જ્યારે શિમલામાં લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આવી સ્થિતિમાં દિલ્હી અને શિમલાના લઘુત્તમ તાપમાનમાં બહુ ફરક નથી. શનિવાર અને રવિવારે રાત્રે દિલ્હીના તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. દિલ્હીને અડીને આવેલા પંજાબ અને હરિયાણામાં ઠંડીનું મોજુ યથાવત છે. આ રાજ્યોમાં ઘણી જગ્યાએ તાપમાનનો પારો ૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે ઉતરી ગયો હતો. શનિવારે આ બંને રાજ્યોમાં ધુમ્મસ હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, નારનૌલ ૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે હરિયાણાનું સૌથી ઠંડું સ્થળ હતું. અંબાલામાં તીવ્ર ઠંડીની સ્થિતિ જોવા મળી હતી અને તાપમાન ૬.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પંજાબમાં ઠંડીથી રાહત મળી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમૃતસર, લુધિયાણા અને પટિયાલામાં લઘુત્તમ તાપમાન ૭.૨, ૪.૯ અને ૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગુરુદાસપુરમાં લઘુત્તમ તાપમાન ૩.૮ ડિગ્રી સેલ્સિયસ, ભટિંડામાં ૪.૫ ડિગ્રી અને પઠાણકોટમાં ૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શુક્રવારે હવામાન વિભાગે રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યો માટે કોલ્ડવેવની ચેતવણી પણ જાહેર કરી હતી. જે મુજબ શનિવારે સવારે ૩ વાગ્યાથી રવિવારે સવારે ૩ વાગ્યા સુધી દિલ્હીમાં શીત લહેર આવવાની શક્યતા છે. હવામાન વિભાગે લોકોને માથું, ગરદન, હાથ અને પગ ઢાંકવાની સલાહ આપી છે. જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના ગુરેઝ સેક્ટરમાં શુક્રવારે રાત્રે હળવો હિમવર્ષા જોવા મળી હતી. આ હિમવર્ષા સાથે, ઘાટીમાં સૂકી મોસમનો અંત આવી ગયો છે. હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર શુક્રવારે રાત્રે નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ઉત્તર કાશ્મીરના ગુરેઝ વિસ્તારમાં હળવો હિમવર્ષા જોવા મળી હતી. જમ્મુ-કાશ્મીરમાં ડિસેમ્બરમાં વરસાદમાં ૭૯ ટકાનો ઘટાડો થયો છે. ત્યારે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં પણ વરસાદ પડ્યો ન હતો જેના કારણે હવામાન શુષ્ક રહ્યું હતું.

## 'આધાર'ના સ્ટોલ પર પોતાનું આધાર કાર્ડ સ્કેન કરી 'આધાર'નો સાચો આધાર જાણવા મુલાકાતીઓમાં ભારે ઉત્સાહ



। (માહિતી) ગાંધીનગર ।

ગાંધીનગર ખાતે આયોજિત ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૨૪માં યુનિક આઈન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાના'આધાર' સ્ટોલ પર પોતાનું આધાર કાર્ડ સ્કેન કરી 'આધાર'નો સાચો આધાર જાણવા મુલાકાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ભારતમાં વર્ષ ૨૦૧૦થી અત્યાર સુધીમાં અંદાજે ૧૩૮ કરોડથી વધુ નાગરિકો 'આધાર' કાર્ડ ધરાવે છે.

સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી એવા આધારમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે બાયોમેટ્રિક ડેટાબેઝ માટે ફિંગર પ્રિન્ટ,આઈરિશ (આંખ) અને ફેસ ઓથેન્ટિફિકેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આગામી સમયમાં નાગરિકે કોઈપણ પ્રકારના દસ્તાવેજ કે યોજનાનો લાભ લેવો હશે તો તેમનું આધાર સાચું છે કે નહીં તેની સરકારી કચેરીમાં ક્યુ આર કોડ દ્વારા સ્કેન કરીને ઓનલાઈન ખરાઈ કર્યા પછી જ તેમની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

'આધાર'ના સ્ટોલમાં આધાર ફેસ ઓથ, આધાર લાઈવ વેબસાઈટ- ટચ સ્ક્રીન ડેમો સાથે, ઈન્ડિયા બેંક- ભારતીય પોસ્ટ દ્વારા AEPSની સેવાઓ,આધાર ક્વિઝ,આધાર ફીડબેક લોન્ઝ તેમજ આધાર સંબંધિત વિવિધ વીડિયો LED સ્ક્રીન પર પ્લે કરવામાં આવી રહી છે જેનાથી સામાન્ય નાગરિકો માટે આધાર કાર્ડ કેમ જરૂરી છે તેનું મહત્વ સમજાઈ રહ્યું છે.આ સિવાય વિવિધ ૫૦ પ્રશ્નોની ચાર ઓપ્શન સાથેની ક્વિઝ દ્વારા બાળકોને આધાર વિશે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

રાજ્યના પેન્શનરો-વરિષ્ઠ નાગરિકો હવે ઘરે બેઠા બેઠા પોતાનું 'જીવન પ્રમાણપત્ર' કેવી રીતે ઓનલાઈન મેળવી શકે તે માટે લાઈવ ડેમોસ્ટ્રેશનની વ્યવસ્થા સ્ટોલ પર રાખવામાં આવી છે. આ માટે પેન્શનરે પોતાના મોબાઈલમાં 'જીવનપ્રમાણ' અને 'આધાર ફેસ' RD એપ ડાઉનલોડ કરવાની હોય છે. એપ ડાઉનલોડ કર્યા બાદ નિયત કરેલી પ્રક્રિયા અનુસરવાથી તે આધારની વેબસાઈટ ઉપરથી પોતાનું 'જીવન પ્રમાણપત્ર' ડાઉનલોડ કરી શકે છે,જેની સામાન્ય મર્યાદા એક વર્ષની હોય છે.

આ ઉપરાંત યુવાનોમાં નવીન આધાર PVC કાર્ડ કેવી રીતે ઓનલાઈન મેળવી શકાય તેની સૌથી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. નવીન આધાર PVC કાર્ડ માટે યુઆઈડીની સત્તાવાર વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની હોય છે જેમાં નિયત કરેલી રૂ. ૫૦/- ની ફી ભરવાથી આ કાર્ડ પોસ્ટ દ્વારા આપના સરનામાં પર ઘરે આવી જાય છે.

### સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક- ચિંતનની ક્ષણે

# કાળ ગમે તે હોય પણ ભગવાન શ્રીરામ વિશેનો એ પ્રશ્ન આજે પણ યથાર્થ છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઉત્સવ પ્રિય એવા ભારતીય સમાજની નજર દિવાળી પછી મકરસંક્રાંતિના તહેવાર પર હોય, અને ૫ છી હોળી! પણ આ વખતે મકરસંક્રાંતિ અને હોળી વચ્ચે પણ એક તહેવાર આવવાનો છે, અને એ છે તારીખ ૨૨/૧/૨૦૨૪ અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવસ. દરેક મીડિયા તરફથી આ ઉત્સવને લઈને ખૂબ મોટો ઉત્સાહ જોવામાં આવે છે, અને એનું જબરજસ્ત કેમ્પેઈન થઈ રહ્યું છે. કેટલાય લોકો અયોધ્યા પહોંચી ગયા છે, અને રોજ જુદી જુદી પ્રકારના ઓડિયો વીડિયો સોશિયલ મીડિયા પર ફરે છે. આરએસએસ તરફથી પણ આ દિવસને ઉજવવા માટે, ઘરે ઘરે અક્ષતની વહેચણી થઈ રહી છે. બધા અયોધ્યા લઈ જવાનાં અક્ષત કળશની પધરામણી પણ કરે છે, અને આપણાં લોકલાડીલા વડાપ્રધાન તરફથી દિવાળી જેમ લોકો પોતાના ઘરોમાં દીવડા મૂકે, રંગોળી કરે, રોશની કરી ઘર સજાવે!: એવી અપીલ કરવામાં આવી છે.એટલે એમ સમજો ને કે હવે બરાબર એક અઠવાડિયા પછી આ દિવસ આવશે. કાળ ગમે તે હોય પણ ભગવાન શ્રીરામ વિશેનો એ પ્રશ્ન આજે પણ યથાર્થ છે. એટલે કે માતા પાર્વતીએ શંકરને પૂછ્યો હતો કે, શું દશરથ નંદન એ જ પરબ્રહ્મ છે? એ જ તમારા ઈષ્ટદેવ છે? અને એ જ રીતે એ પ્રશ્ન ભારદ્વાજ મુનિએ યાજ્ઞવલ્ક્યજીને કર્યો હતો કે ઋષિવર મારા મનમાં એક દ્વિધા છે કે, શું દશરથ નંદન એ જ પરબ્રહ્મ છે? રામ કોણ છે? આપણે પણ પૂરી શ્રદ્ધાથી જ્યારે રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના ઉત્સવની ઉજવણી કરવાના છીએ, ત્યારે એ ચરિત્ર વિશે પણ આપણા મનમાં જાતજાતના સવાલો થાય છે, અથવા તો થવા જોઈએ! પણ શું યુગોના યુગો વીતી જશે છતાં આ સવાલો આજ રીતે આપણા મનમાં થયા કરશે? ત્યારે એક બીજો તર્ક એ પણ રાખી શકાય કે ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોવાથી લોકો એના જેવું ચરિત્ર આત્મસાત કરી શકતા નથી, અને એટલે સમાજમાં ધર્મ અને અધર્મ બંને જોવા મળે છે. આજે તો અધર્મ પરાકાષ્ઠા એ છે, અને એનાં વિનાશની પૂર્ણપણે આવશ્યકતા પણ છે. એ માટે થઈને આપણે ત્યાં અવતાર પરંપરા આવી, કે માનવે આ રીતે જીવવું જોઈએ. આપણે શ્રીરામને ઈશ્વર કે ભગવાન નહીં પરંતુ એક માનવ તરીકેનું ચરિત્ર આત્મસાત કરીશું, ત્યારે જ આપણી આ ભ્રમણાઓ દૂર થશે, અને સમાજમાં રામરાજ્ય સ્થપાશે.

પરંતુ આપણે જો હિંદુ સનાતન ધર્મમાં માનતા હોઈએ, આપણે જો ભગવાન શ્રીરામને માનતા હોઈએ, આપણે વેદોની ઉત્પત્તિ જે બ્રહ્મ દ્વારા થઈ છે, અને એ બ્રહ્મસ્વરૂપ એ શ્રીરામને જોતા હોઈએ, તો તેની અવતાર લીલા પરથી આ વાત સમજી, અને સમાજના નાનામાં નાનાં જીવનું પોષણ કરવાનો સંકલ્પ લેવો જોઈએ. મૂર્તિને લાખ આભૂષણ પહેરાવો, સોના-ચાંદીના પાત્રોમાં પ્રસાદ ધરો, પણ એનું એટલું મૂલ્ય હોતું નથી, કારણ કે જેને ધર્યું છે એણે એ પ્રસાદ સ્વીકાર્યો કે નહીં! એ કોઈ પ્રમાણ સાથે કહી શકાતું નથી. પરંતુ એ જ વસ્તુ, પદાર્થો તમે કોઈ જરૂરિયાત મંદમાં રામના દર્શન કરી, અને તેને આપવામાં આવે તો, ભગવાન શ્રી રામ ખરેખર વધુ ખુશ થાય છે. રામાયણમાં એટલે જ ગરીબ નવાજ કે દરિદ્ર નારાયણ એવા શબ્દપ્રયોગ થયા છે. ચૌદ વર્ષના વનવાસ બાદ ભગવાન શ્રીરામે અયોધ્યા પર ખૂબ લાંબુ અને સુંદર રાજ્ય કર્યું, અને આપણે સૌ જાણીએ છીએ, તેમ નાનામાં નાના વ્યક્તિની વાતને મહત્વ અપાયું, તેને માન અપાયું, અને એક ધોબી ના કહેવા પર બીજી વાર મા જાનકીનો ત્યાગ પણ કર્યો. એ સાચું હતું કે ખોટું હતું, એ વાતમાં ન જતાં નાના માણસને અપાતા મહત્વ વિશે વાત કરીએ, અને આ જ વાત આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આપણા સમાજ માટે વિચારી હતી, તેને પણ ભારતને રામરાજ્ય બનાવવાનું સ્વપ્ન જોયું હતું.

આજે વિશ્વના નકશામાં ભારતે સારું એવું નામ રોશન કર્યું છે, અને હિન્દુ સંસ્કૃતિ ઉપર ઉઠી રહી છે, વિશ્વમાં ભારતનું ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત છે. પરંતુ હજી પણ ભારતની પ્રજા ધર્મને નામે થતાં વિવાદો ભૂલી જાય તો, આ દિવસ વધુ નજીક આવે. આર્થિક સમસ્યાનો સામનો કરવા માટે સદ્ધર અને શ્રીમંત લોકોએ આવી રીતે સમાજમાં નાનામાં નાના માણસ સુધી જવું પડશે, અને તેની તકલીફો ને તેમના પ્રશ્નો સાંભળી પોતાનાથી થાય તેટલી મદદ કરવી પડશે, અને જે શ્રી રામનો જીવનમંત્ર હતો, એ મુજબ જીવવું પડે. એટલે આપણે જો ભગવાન શ્રીરામના વંશજ તરીકે પોતાને ગણાવતા હોઈએ, તો આપણે રામ હી કેવલ પ્રેમ પ્યારા એ સૂત્ર પણ યાદ રાખવું પડે, અને સમાજના નાનામાં નાના વ્યક્તિ પાસે જઈ અને પ્રેમથી તેની તકલીફો દૂર કરવાની કોશિશ કરવી જોઈએ. અહેસાન તો ઘણાં માણસો કરતાં હોય છે, દાન પણ કરતા હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક પ્રેમથી પૂછાયેલા બે વાક્યો પણ જીવનભરની દવા બની જતા હોય છે. રામાયણના પ્રસંગો પરથી આપણે કેવટનો પ્રસંગ જોઈએ, શબરી નો પ્રસંગ જોઈએ, સંપાતિ નો પ્રસંગ જોઈએ, ગીધ જટાયુ નાં પ્રસંગ જોઈએ, અને વાલી સુગ્રીવ હનુમાન, જામવંત, આવા તો અસંખ્ય ઉદાહરણ મળશે, કે જેમાં ભગવાન શ્રીરામ એ છેક છેલ્લા સમાજમાં એટલે કે ગણિકા અજામિલ સુધીના અધમ ગણાતા લોકો પાસે જઈ, તેની સમક્ષ ઉભા રહી તેની સમસ્યાનું સમાધાન કર્યું હતું. અત્યારે તો ત્રેતા યુગ પૂરો થયો, પછી દ્વાપર અને એ પછી કળિયુગની પણ વિક્રમ સવંત મુજબ ૨૦ ઉપર સદી ચાલી ગઈ, છતાં આપણાં સૌના હૃદયમાં એ દશરથ નંદન હજી રાજ કરે છે. વિચારો કે કેવું રહ્યું હશે એમનાં સમયનું સામ્રાજ્ય!!

આમ જુવો તો રામરાજ્ય માટે કંઈ ઝાઝું કરવાનું નથી નાના નાના બે ચાર નિયમ દરેકે લેવાનાં છે! જેમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ત્યારે પ્રતિજ્ઞા પત્ર રોજ બોલાવતા એમ આ નિયમો રોજ પોતાની જાતને દરેકે યાદ કરાવવા પડશે અને એ પૂરી નિષ્ઠાથી નિભાવવા પડશે! (૧) અહીં માત્ર હું મહાન કે શ્રેષ્ઠ નથી, મારી સંસ્કૃતિ મહાન કે શ્રેષ્ઠ છે. (૨) મારી આસપાસના પરિસરમા વર્ગ કે વર્ણ કે પછી નાના મોટા મારા પરાયાં નો કોઈ ભેદ જોયા વગર જેટલી ઉઠાવી શકું એટલી જવાબદારી મારે નિભાવવાની છે. (૩) સુધરવાની જરૂર મારે છે, સામેવાળાને તો એનાં સ્વભાવ સહિત સ્વીકારવા ના છે. (૪)જીવંત રહેવા માટે જેમ પ્રકૃતિના પાંચેય તત્વ પર મારો અધિકાર છે એ જ રીતે એની જાળવણી એ મારી ફરજ છે.(૫) અન્ય કોઈ શું કરે છે! અથવા કેમ નથી કરતાં !એ તર્કમાં ગયા વગર પૂરી નિષ્ઠાથી હું મારૂં સામાજિક કર્તવ્ય નિભાવીશ ! બસ બધાએ આવાં નાનાં નાનાં નિયમો લેવા પડશે તો જ આપણે એ શ્રી રામ આખરે કેમ સૌને આટલાં પ્યારા હતાં એ સત્ય સમજી શકીશું! આપણે સૌ આ સત્યને સમજી સૌને આદર માન સન્માન કે હુંફ લાગણી અને પ્રેમ આપી આપણાં સમાજની આ વિષમતાઓ ને ઓછી કરી રામરાજ્ય સુધીની સફર તય કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જીવ ઈશ્વર પાસે જાય તે માયાને ગમતું નથી માયાનું એક સ્વરૂપ નથી ઈશ્વર જેમ વ્યાપક છે

**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





સૌને જય માતાજી.. સુપ્રભાત..

સૌને જય માતાજી, આજથી શુભ કાર્યોની શરૂઆત થઈ છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં લિન થઈ ચિંતન કરી રહયા છીએ.આજે સોળમી જાન્યુઆરી ભક્તિના નવ અંગ છે, તેથી નવધા ભક્તિ કહે છે. તેમાં પહેલું શ્રવણ. કેવળ કથા સાંભળવાથી ભક્તિ પૂર્ણ થતી નથી. સાંભળ્યું હોય તેનું મનન કરવું. મનન કરી જેટલું જીવનમાં ઊતાર્યું તેટલું સાંભળ્યું ગણાય.કથા સાંભળવા થી પાપ બળે છે,પરંતુ મનન કરવાથી અને જીવનમાં ઊતારવાથી મુક્તિ મળે છે. મનન ન કરવાથી શ્રવણ સફળ થતું નથી છિન્નભિન્ન થઈ જાય છે. હવે કીર્તનભક્તિ બગડી.

ધનનો લોભ છૂટે પણ કીર્તિનો મોહ છૂટવો કઠિન છે. કીર્તિનો મોહ જ્ઞાનીને પણ પજવે છે. જો કે સાચા જ્ઞાનીને અપમાન વહાલું છે, ને માન ખરાબ લાગે છે.

કથા-કીર્તનમાં અનાયાસે જગત ભૂલાઈ જાય છે. બાકી મનુષ્ય માળા લઈને બેસે છે, ત્યારે તો તેને જગત યાદ આવે છે. કથામાં બેસો ત્યારે સંસાર-વ્યવહારના વિચારો કાઢી નાંખો. હું મારા શ્રીકૃષ્ણના ચરણમાં છું એવી ભાવના કરો.

કીર્તનભક્તિ નિષ્કામ હોવી જોઈએ. તુલસીદાસજીએ કહ્યું છે કે, મારા સુખ માટે હું કથા કરું છું. બીજાને સુખ મળે છે તેની મને ખબર નથી પણ મારા મનને આનંદ મળે છે તેથી કથા કરું છું. સર્વમાં શ્રીકૃષ્ણની ભાવના રાખી સર્વને વંદન કરો. વંદન કરવાથી વિરોધનો નાશ થાય છે. નરસિંહ મહેતાએ વૈષ્ણવ ભક્તનું લક્ષણ બતાવ્યું છે કે, વૈષ્ણવજન તો સકલ લોકમાં સહુને વંદે. વંદે એ વૈષ્ણવ. વંદન માગે એ વૈષ્ણવ નહીં. હુંપણું હશે ત્યાં સુધી ભક્તિ વધશે નહીં.હુંપણું એટલે અભિમાન.અભિમાનથી વંદન ભક્તિનો નાશ થાય છે.આજકાલ લોકો દેહની પૂજા બહુ કરે છે. એટલે ઠાકોરજીની પૂજા- સેવા કરવાનો તેને સમય ક્યાંથી મળે? દેહ પૂજા વધી એટલે દેવ સેવા ગઈ.લોકોએ અનેક પ્રકારના સાબુ શોધી કાઢયા છે.એ સાબુ ઘસવા થી શરીરનો રંગ સુધરવાનો નથી. પણ ભક્તિનો સાબુ લગાડો તો અંદરનો રંગ સુધરશે. એ જ સાચો રંગ છે. શરીરને લોકો શણગારતા થયા ત્યારથી અર્ચન અને ભક્તિ ગઈ, માટે જીવન સાદું રાખો.

આવી રીતે ભક્તિના એક અંગનો વિનાશ થયો. એટલે જીવ ઈશ્વર થી વિમુખ થયો,ઠાકોરજીથી વિમુખ થયો. બુદ્ધિનો અતિરેક થાય એટલે ભક્તિ છિન્નભિન્ન થાય.

ભક્તિનાં બે બાળકો છે.એક જ્ઞાન અને બીજો વૈરાગ્ય.જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિનો આદર થાય કળિયુગમાં જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધ થાય છે એટલે કે વધતા નથી.જ્ઞાન પુસ્તકમાં આપીને પુરાયું,ત્યારથી જ્ઞાન ગયું. કળિયુગમાં જગતમાં અધર્મ વધ્યો છે તેથી જ્ઞાન વૈરાગ્ય ને મૂર્છા આવી છે, તેથી ભક્તિ રડે છે. કળિયુગમાં જ્ઞાન વૈરાગ્યની ઉપેક્ષા થાય છે.એટલે તે વૃદ્ધ થયાં છે. નારદજી કહે છે કે,થાપ અનેક પ્રયત્નો કર્યા વૈરાગ્ય સાથે હું ભક્તિને બઢાવીશ.હું પણ જ્ઞાન વૈરાગ્યની મૂર્છા ઊતરી નહીં. વેદની નહીં. વેદવેદાંગના પારાયણ કર્યા તો છે,વેદનો અર્થ જલદી સમજાતો નથી. એટલે વેદોનાં પારાયણ કરવાથી મૂર્છા ઊતરી નહીં. આપણું હૃદય એ વૃંદાવન છે. હૃદય વૃંદાવન કોઈ કોઈ વખત ઉપનિષદના અને વેદના જ્ઞાન વૈરાગ્ય જાગે છે. પણ તે મૂર્છામાં પડે છે. તે વૈરાગ્ય ટકતું નથી. સ્મશાનમાં ચિતા બળતી જોઈ કેટલાકને વૈરાગ્ય આવે છે, સંસારના વિષયો ભોગવ્યા પછી વૈરાગ્ય આવે છે પણ તે ટકતું નથ વિષયો ભોગવે એટલે તેના પ્રત્યે અરુચિ તો આવે છે પરંતુ તે વૈરાગ્ય અને વિવેક વગરની હોવા કાયમ ટકતી નથી. કળિયુગમાં તો શ્રીકૃષ્ણની કથા, અને શ્રીકૃષ્ણના કીર્તનથી જ જ્ઞાનવૈરાગ જાગૃત થાય છે. કંઈ વાળ ભાષા જ્ઞાન વૈરાગ્યની મૂર્છા ઊતરતી નથી. એટલે નારદજી ચિંતામાં પડી જાય છે ત્યારે આકાશવાણે થાય છે કે, જ્ઞાનવૈરાગ્ય સાથે ભક્તિને પૃષ્ટ કરે તેવું સત્કર્મ કરો! નારદજી અનેક સાધુસંતોને પૂર્ણ કે, જ્ઞાનવૈરાગ્ય સાથે ભક્તિને પુષ્ટિ મળે તેવો ઉપાય બતાવો. પણ કોઈ નિશ્ચિત ઉપાય બતાવ શક્યા નહીં. ત્યારે નારદજી ફરતા ફરતા બદરિકા શ્રમમાં આવ્યા.ત્યાં તેમણે સનકાદિ મુનિઓને જોયા.ઉપર જણાવ્યા મુજબ સનકાદિ ઋષિ ઓ અને નારદજીનું મિલન થયું. નારદજીર સનતકુમારોને બધી બિના કહી સંભળાવી. નારદ જી કહે જે દેશમાં હું જન્મ્યો તે દેશને ઉપયોગી ન થાઉં તો મારું જીવન વૃથા છે. આપ બતાવો,હું શું સત્કર્મ કરું?

સનકાદિ મુનિઓ કહે છે દેશના દુઃખે તમે દુઃખી છો. તમારી એ ભાવના દિવ્ય છે, મંગલમય ભક્તિનો પ્રચાર કરવાની તમારી ઈચ્છા છે, તો હવે તમે ભાગવત જ્ઞાન-યજ્ઞનું પારાયણ કરો. તેનો પ્રચાર કરો, તેથી લોકોનું કલ્યાણ થશે. આ કથાના શ્રવણથી જ્ઞાન અને વૈરાગ્યની જાગૃતિ થશે. ભાગવતની કથા જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યને વધારનારી છે માટે તમે સર્વ વેદોના સાર સમ આ ભાગવત જ્ઞાનયજ્ઞ કરો.

ભાગવત કથામૃતનું પાન કરવા ત્યાંથી તેઓ બધા ગંગાકિનારે આવ્યા, કારણ કે ગંગા જ્ઞાનભૂમિ છે. ભૂમિની અસર સૂક્ષ્મ રીતે મન ઉપર થાય છે.ભોગભૂમિએ ભક્તિ માં બાધક છે.નારદજી સનત સાથે વ્યાસાશ્રમમાં આવ્યા છે. નારદજી હાથ જોડીને બેઠા છે.ત્યાં ઋષિ મુનિઓ પણ ભાગવત કથાનું પાન કરવા આવ્યા છે.જે નહોતા આવ્યા ને એક-એકના ઘરે ભૃગુ ઋષિ જાય છે અને વિનયથી વંદન કરી માનવીને કથા માં લઈ આવે છે.સત્ કર્મમાં બીજા ને પ્રેરણા આપી પ્રવૃત્ત કરે તેને પણ પુણ્ય મળે છે. નારદજી આજે શ્રોતા થઈને બેઠા છે. કથાના આરંભમાં જયજયકાર થાય છે અને મહા મંત્ર 'હરિયે નમઃ 'નો શબ્દોચ્ચાર થાય છે.

બધી પ્રવૃતિ છોડીને મનુષ્ય ધ્યાન માં બેસે છે,ત્યારે માયા વિઘ્ન નાખે છે. અનાદિકાળથી મનુષ્યનું માયા સાથે યુદ્ધ થતું આવ્યું છે,જીવ ઈશ્વર પાસે જાય તે માયાને ગમતું નથી. માયાનું એક સ્વરૂપ નથી. ઈશ્વર જેમ વ્યાપક છે, તેમ માયા પણ વ્યાપક છે. જીવ અને ઈશ્વર મિલનમાં માયા વિઘ્ન કરે છે.માયા મનને ચંચળ બનાવે છે.માયા મનુષ્યને સમજાવે છે કે,સ્ત્રી વગેરે માં જ સુખ છે. મનુષ્યને માયા હરાવે છે. મનુષ્યની હાર થાય છે, માયાની જીત થાય છે. કારણ મનુષ્ય ભગવાનનો પાલવ પકડતો નથી. કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયંકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય.પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય થશે,જીત થશે.આ ભાગવતી કથા અતિ દિવ્ય છે. આ કથા જે પ્રેમથી શ્રવણ કરશે તેના કાન દ્વારા પરમાત્મા હૃદયમાં આવશે.નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે.


ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવા થી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા-સાધન છે. માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો.દરેક સત્કર્મના આરંભમાં શાંતિ પાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! કાનો વડે અમે ભદ્ર વચનો સાંભળીએ!કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય.ગોર મહા રાજ આંખે,કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે. અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથાનો આરંભ થયો છે.

શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે.

આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે. અઢાર એટલે ૧ ૮= ૯. અઢારની સંખ્યા પરિપૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદ મહોત્સવ કરવામાં આવે છે. રામજીની બાર કળા અને શ્રીકૃષ્ણ ની સોળ કળા એવો એ બેઉમાં ભેદ કરશો નહીં. ભાગવત માં મુખ્ય કથા છે નંદ મહોત્સવની. તેના શ્લોક પણ અઢાર છે.ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણ નું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. વાચક ચાહક મિત્રો, કમૂર્તા ઊતર્યા ઉત્તરાયણ મકરસંક્રાંતિ ઉજવી ગઈકાલે એક દિવસીય અખબારી વિરામ બાદ આજથી ફરી વોહી ભગવદ્ ગીતા જ્ઞાનનું ઝરણું વહેતુ કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપ સૌને આ ઝરણાનો આનંદ મળે તેવી આશા સહ અસ્તુ.

# અસલી તવાયફને રાજી કરવા શશિ કપૂરે ફેંક્યા હતા ઢગલો પૈસા

ઘણીવાર ફિલ્મોની વાર્તાઓ વાસ્તવિક જીવનથી પ્રેરિત હોય છે. આજે અમે તમને એવી જ એક કહાની જણાવવા જઈ રહ્યા છીએ. જ્યારે ફિલ્મમાં તવાયફના રોલ માટે અસલી તવાયફને કાસ્ટ કરવામાં આવી હતી. પરંતુ તવાયફે ફિલ્મ કરવાની ના પાડી ત્યારે શશિ કપૂરના હાથ-પગ ફૂલી ગયા હતા. તેણે તેને વધુ પૈસાની ઓફર કરી અને પછી કંઈક એવું બન્યું કે આખી મહેફિલમાં સન્નાટો છવાઈ ગયો. ૩૧ વર્ષ પહેલા રિલીઝ થયેલી પહેલી ફિલ્મ 'ઈન કસ્ટડી'ની આ સ્ટોરી છે. આ ફિલ્મમાં શશી કપૂર, શબાના આઝમી, ઓમ પુરી અને નીના ગુપ્તા જેવા દિગ્ગજ કલાકારો હતા. આ ફિલ્મમાં તવાયફની ભૂમિકા પણ હતી, જેના માટે તેઓ ભોપાલ ગયા હતા. ત્યાં કંઈક એવું બન્યું કે શશિ કપૂર ચોંકી ગયા. ૧૯૯૩માં ઈસ્માઈલ મર્ચન્ટે અનિતા દેસાઈની નવલકથા 'ઈન કસ્ટડી' પર આધારિત ફિલ્મ બનાવી હતી, જેનું શૂટિંગ ભોપાલમાં શરૂ થયું હતું. આ ફિલ્મમાં એક ઉર્દૂ કવિ હોય છે, જેને બે પત્નીઓ હોય છે, જેમાંથી એક તવાયફ છે. ફિલ્મના એક સીનમાં મુજરાના સીનનું શૂટિંગ કરવાનું હતું, જેના માટે ઈસ્માઈલ મર્ચન્ટે શશિ કપૂર સાથે વાત કરી અને તેમણે સાચા મુજરાનો કાર્યક્રમ ગોઠવવાની સલાહ આપી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈસ્માઈલ મર્ચન્ટે પ્રોડક્શન મેનેજરને ભોપાલના કોઈ વ્યક્તિ પાસેથી મુજરા માટે અસલી તવાયફ શોધવાનું કહ્યું, ત્યારે તેમને ખબર પડી કે જ્યાં તવાયફ મુજરા કરતી હતી, ત્યાં બધાએ આ કામ છોડીને ઘરેલું જીવન અપનાવી લીધું છે. સમય ઓછો હતો, તેથી તવાયફને શોધવા શહેરથી દૂર જઈ શકાય તેમ ન હતું. ક્રૂમાંથી એક વ્યક્તિએ પ્રોડક્શન મેનેજરને કહ્યું કે હું એક તવાયફને ઓળખું છું, હું તેની સાથે વાત કરી જોવ. તે તવાયફના ઘરે ગયો અને બહાર આવીને કહ્યું કે તેણે તેણીને ગાવા માટે રાજી કરી છે. આ માટે તે ૧૦ હજાર રૂપિયા લેશે અને તેણે શરત રાખી છે કે કોઈ તેને લેવા નહીં જાય. જ્યાં પણ આ કાર્યક્રમ યોજાશે, તે તેના મિત્રો સાથે પોતે ત્યાં આવશે. એડવાન્સ લીધા બાદ તે બીજા દિવસે તેના મિત્રો સાથે હોટેલમાં આવી હતી. પરંતુ તે દ્રશ્ય જોતાની સાથે જ તે રડવા લાગી. વાસ્તવમાં, જેણે તેને ફોન કર્યો હતો તેણે તેને કહ્યું હતું કે માત્ર શશિ કપૂર જ તેનો મુજરો જોશે. આટલી વધારે ભીડ જોઈને તેણે મુજરો કરવાની ના પાડી. આ વાત શશિ કપૂર સુધી પહોંચી. તેથી તેઓ તે સ્ત્રી પાસે ગયા અને મુજરો ન કરવાનું કારણ પૂછ્યું. આનો જવાબ આપતાં તે રડવા લાગી અને કહ્યું- 'મેં આ ગાવાનું કામ પહેલેથી જ છોડી દીધું છે અને ઘરેલુ જીવનમાં વ્યસ્ત છું.



૧૯૯૩માં ઇસ્માઇલ મર્ચન્ટે અનિતા દેસાઇની નવલકથા ઇન કસ્ટડી પર આધારિત ફિલ્મ બનાવી હતી, જેનું શૂટિંગ ભોપાલમાં શરૂ થયું હતું

# નાટક કરે છે, કેમેરા જોતા જ : અભિનેત્રી નીતૂ કપૂર

**નીતૂ કપૂરે પેપરાઝીની સાથે જયા બચ્ચનના સંબંધો પર કરણ જોહરના શો કોફી વિથ કરણમાં ખુલીને વાત કરી છે**



કરણ જોહરના ચેટ શો 'કોફી વિથ કરણ ૮'નો વધુ એક મજેદાર એપિસોડ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહ્યો છે. આ વખતના એપિસોડમાં બોલિવૂડની બે દિગ્ગજ અભિનેત્રીઓ નીતુ કપૂર અને ઝીનત અમાન જોવા મળશે. બંને આ શોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી લઈને પર્સનલ લાઈફ સુધીની ઘણી રસપ્રદ વાતો શેર કરતા જોવા મળ્યા હતા. આ દરમિયાન નીતૂ કપૂરે જયા બચ્ચનના ગુસ્સા વિશે ખુલીને વાત કરી છે. તેણે જણાવ્યું કે શા માટે જયા બચ્ચન ફોટોગ્રાફર્સ પર બૂમો પાડે છે. તેણે કરણ જોહરના શોમાં કહ્યું હતું કે કદાચ જયા બચ્ચન જાણીજોઈને પાપારાઝી સાથે આવું વર્તન કરે છે. મીડિયાના કેમેરા સામે સેલેબ્રિટીઝ ઘણીવાર સ્માઈલ આપે છે અને પોઝ આપતા જોવા મળે છે. ઘણા સેલેબ્સ તો પેપરાઝીના કેમેરામાં દરરોજ કેપ્ચર થાય છે. પરંતુ જયા બચ્ચન તે સેલેબ્રિટી છે, જે જ્યારે પણ પેપરાઝીની સામે આવે છે, તેના ગુસ્સે થવાનો કે કેમેરામેન્સને ઝાટકી નાંખવાનો એક ફોટો કે વીડિયો સામે આવી જ જાય છે. પરંતુ જયાના આ ગુસ્સા પર હવે જ્યારે નીતૂએ કંઈક અલગ જ નિવેદન આપ્યું છે. નીતૂએ કહ્યું કે, આ બધું નાટક છે અને તેને લાગે છે કે જયા આ બધુ જાણીજોઈને કરે છે. આ ઉપરાંત નીતૂએ તેમ પણ કહ્યું કે, તેને આ જયા બચ્ચન અને પેપરાઝીની મિલી ભગત લાગે છે. નીતૂ કપૂરે પેપરાઝીની સાથે જયા બચ્ચનના સંબંધો પર કરણ જોહરના શો 'કોફી વિથ કરણ'માં ખુલીને વાત કરી છે. જયા બચ્ચનને ઘણીવાર પેપરાઝી પર ભડકતાં જોવામાં આવ્યા છે. કેમેરા સામે તેમના આ વર્તનના કારણે જયાના ગુસ્સે થવા પર અનેકવાર વાત કરવામાં આવે છે. પરંતુ નીતૂ કપૂરે જયા બચ્ચનના આ વ્યવહારને નકલી કહ્યો છે. નીતૂએ કહ્યું કે, મને લાગે છે કે તે જાણીજોઈને આવું કરે છે. નીતૂ વધુમાં કહે છે કે, મને લાગે છે કે જો જયાજી આવું કરે છે તો એકવાર થઈ ગયુંપ. તે આવા નથી. જયા બચ્ચનનો ગુસ્સો હંમેશા પેપરાઝી પર ઉતર્યો છે. તેના પર કરણ જોહરે કહ્યું, બિલકુલ નહીં, તે ખૂબ જ વ્હાલી છે. પેપરાઝી તેનાથી એટલા ડરે છે કે, તે એન્ટર કરે છે અને કહે છે બસ થઈ ગયું. મને લાગે છે કે તે પણ હવે તેને એન્જોય કરે છે. તેના પર નીતૂ આગળ કહે છે, બધા તેને એન્જોય કરે છે. મને લાગે છે કે આ તેમની મિલી ભગત છે. તમને જણાવી દઈએ કે, જયા બચ્ચને હાલમાં જ કરણ જોહરની ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં રણવીર સિંહની માનો રોલ કર્યો હતો. આ ફિલ્મમાં જયાએ એક ખૂબ જ ગુસ્સાવાળી માનો રોલ કર્યો હતો. આ ફિલ્મ બાદ પણ જયાના ગુસ્સાવાળા કિરદારને લઈને ઘણા મીમ્સ બન્યા હતાં કે તે આ ફિલ્મમાં પોતાનો જ રોલ કરી રહ્યાં હતાં. ખરેખર, જયા બચ્ચન ઘણીવાર પેપરાઝી પર ભડકતાં કેમેરામાં કેદ થઈ ચુકી છે.

# રાહા અને રણબીરને મુકીને આલિયા એકલી ઉપડી ફરવા

**હાલમાં આલિયા ભટ્ટનો આ એરપોર્ટ લુક છવાઇ ગયો છે, આ તસવીરોમાં તમે આલિયાને એકદમ કુલ લુકમાં જોઇ શકો છો**



બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ હાલમાં એરપોર્ટ પર સ્પોટ થઇ હતી. આ સમયે આલિયા એકદમ નવા લુકમાં જોવા મળી. આલિયા ભટ્ટનો આ લુક સોશિયલ મિડીયામાં આવતાની સાથે છવાઇ ગયો છે. આલિયા ભટ્ટ આ તસવીરોમાં એકલી જોવા મળી છે. આલિયા ભટ્ટનો આ નવો લુક ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. આ સાથે આલિયા ભટ્ટ રણબીર અને રાહાને મિસ કરી રહી છે. હાલમાં આલિયા ભટ્ટનો આ એરપોર્ટ લુક છવાઇ ગયો છે. આ તસવીરોમાં તમે આલિયાને એકદમ કુલ લુકમાં જોઇ શકો છો. આમ, તમને જણાવી દઇએ કે આલિયાનો ફેન વર્ગ બહુ મોટો છે. આ તસવીરો જોઇને ફેન્સ ખુશ-ખુશ થઇ ગયા છે. એક્ટ્રેસ આલિયાએ ડ્રેસની સાથે મેચિંગ પર્સ પણ કેરી કર્યુ છે. આ પર્સ તમને એક નજરે ગમી જાય એવું છે. આલિયાની ડ્રેસિંગ સ્ટાઇલ બહુ મસ્ત હોય છે. એક-એક લુક આલિયાનો છવાઇ જાય છે. આલિયા ભટ્ટ આ તસવીરમાં કારમાં એરપોર્ટ પર જોવા મળી. આલિયા આ લુકમાં એકદમ હસીન લાગી રહી છે. નવો લુક ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. આલિયા ભટ્ટ ફેન્સને જોતાની સાથે એક મસ્ત સ્માઇલ પણ આપી રહી છે. આ સ્માઇલે ફેન્સને ઘાયલ કરી દીધા હતા. આટલું જ નહીં, પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે આલિયાએ કાનમાં બુટ્ટી પહેરી છે. આ સાથે ગળામાં કોઇ એસેસરીઝ પહેરી નથી. આલિયા ભટ્ટને એકલી જોઇને ફેન્સ રણબીર કપૂર અને રાહાને મિસ કરતા જોવા મળ્યા. આલિયા ભટ્ટની આ તસવીર પર ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ વાયરલ તસવીર પર એક યુઝર્સે કોમેન્ટમાં ક્યૂટ મોમ કહ્યું છે.



નાગિન સ્ટાર તેજસ્વી પ્રકાશની આ તસવીરો જોઇને ઉર્ફીની યાદ આવી જાય છે, આ તસવીરોમાં સુપર બોલ્ડ જોવા મળી રહી છે

# અભિનેત્રી તેજસ્વી પ્રકાશની બોલ્ડ તસવીરો વાયરલ

ટીવી સિરીયલ એક્ટ્રેસ અને એક્સ બિગ બોસ વિનર તેજસ્વી પ્રકાશ આ દિવસોમાં એની બોલ્ડનેસને કારણે લોકોનું ધ્યાન ખેંચી રહી છે. એક ઈવેન્ટમાં અદાકાર તેજસ્વી પ્રકાશે કાળા રંગનો સુપર બોલ્ડ ડ્રેસ પહેર્યો હતો. આ તસવીરોએ ઈન્સ્ટાગ્રામમાં ધૂમ મચાવી દીધી હતી. જો કે ફરી એક વાર બોલ્ડ ડ્રેસને કારણે લોકો શોક થઈ ગયા છે. આ બોલ્ડ તસવીરો જોઈને ફેન્સ ઘાયલ થઈ ગયા છે. હાલમાં તેજસ્વી પ્રકાશે સાઈડ રિવલિંગ ડ્રેસમાં હુસ્નનો જલવો વિખેર્યો છે. જે જોઈને લોકો હેરાન થઈ ગયા છે. એક્ટ્રેસ તેજસ્વી પ્રકાશની આ તસવીરો જોઈને લોકોએ જાતજાતની કોમેન્ટ્સ કરી છે. કેટલાક લોકોએ ડ્રેસિંગ સેન્સને લઈને ખૂબ વખાણ કર્યા છે તો કેટલાક લોકોએ ઉર્ફીની સાથે કમ્પેર કરી છે. જો કે આ તસવીરો જોતા એવું લાગી રહ્યું છે કે ઉર્ફીને પણ તેજસ્વી ટક્કર આપી રહી છે. નાગિન સ્ટાર તેજસ્વી પ્રકાશની આ તસવીરો જોઈને ઉર્ફીની યાદ આવી જાય છે. આ તસવીરોમાં સુપર બોલ્ડ જોવા મળી રહી છે. તેજસ્વી પ્રકાશ આ દિવસોમાં સુપર બોલ્ડ થતી જોવા મળી રહી છે. અદાકારે આ પહેલાં પણ ફેન્સને બોલ્ડ લુક આપીને હેરાન કરી દીધા છે. તેજસ્વી પ્રકાશ ફેન માટે બોલ્ડ તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. એક્ટ્રેસ તેજસ્વી પ્રકાશનો ફેન વર્ગ બહુ મોટો છે. ઈન્સ્ટાગ્રામ પર ૭ મિલિયનથી પણ વધારે લોકો ફોલો કરે છે. આ કારણે તેજસ્વીની આ તસવીરો ઝડપથી વાયરલ થઈ જાય છે. તેજસ્વી પ્રકાશ તથા કરન કુંદ્રા 'બિગ બોસ ૧૫'ના ઘરમાં એકબીજાને મળ્યા હતા. તેજસ્વી આ શોની વિનર બની હતી.

# અક્ષયએ મુંબઈ મેટ્રોમાં મોઢું છુપાવીને કરી મુસાફરી

બોલિવૂડના ઘણા એવા સ્ટાર્સ છે જે ક્યારેક સામાન્ય લોકોની જેમ એકલા રસ્તા પર નીકળી જાય છે. ઘણા લોકો સ્થાનિક બજારમાં ખરીદી કરતા જોવા મળે છે અને કેટલાક ઓટોમાં ફરતા જોવા મળે છે. આ વખતે પણ એક સ્ટારે આવું જ કંઈક કર્યું છે. બોલિવૂડના આ સુપરસ્ટારે સામાન્ય માણસની જેમ મુંબઈ મેટ્રોમાં મુસાફરી કરી છે. આ દરમિયાન તે પોતાના ચહેરા પર માસ્ક પણ પહેરેલો જોવા મળ્યો હતો. પરંતુ તેમ છતાં સુપરસ્ટારના ચાહકો તેને ઓળખી ગયા છે. આ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ બોલિવૂડનો ખિલાડી એટલે કે અક્ષય કુમાર છે. અક્ષયે હાલમાં જ મેટ્રોમાં સફર કરી છે. આનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અક્ષયે પોતાની



ઓળખ છુપાવવા માટે ચહેરા પર માસ્ક પહેર્યું હતું. પરંતુ તેમ છતાં મેટ્રોમાં મુસાફરી કરતી વખતે તેના ચાહકોએ તેને ઓળખી લીધો છે. આ દરમિયાન ઘણા લોકોએ તેનો વીડિયો પણ બનાવ્યો છે જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં અક્ષય કુમાર મેટ્રોની સીટ પર બેસેલો જોવા મળી રહ્યો છે. માસ્કની સાથે તેણે માથા પર કેપ પણ પહેરી છે. અભિનેતાએ કાળો ટ્રેક સૂટ પહેર્યો છે. તેની સાથે ડિરેક્ટર વિજન પણ જોવા મળી રહ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ચાહકોએ પણ વીડિયો જોયા બાદ તેને ઓળખી લીધો હતો. તમને જણાવી દઈએ કે અક્ષય કુમાર ટ્રાફિકથી બચવા માટે મેટ્રોમાં મુસાફરી કરવા ગયો હતો.

# રણબીર કપૂર ૨ માર્ચથી મુંબઈમાં રામાયણનું શૂટિંગ શરૂ કરશે

એનિમલની બ્લોકબસ્ટર સફળતા બાદ હવે રણબીર કપૂર સાઈ પલ્લવી સાથે મહાકાવ્ય 'રામાયણ' પર કામ શરૂ કરવા જઈ રહ્યો છે આ ફિલ્મનું નિર્દેશન નિતેશ તિવારી કરવાના છે. આ એક હાઈ બજેટ ફિલ્મ હશે, જેના નિર્માણમાં નિર્માતા દરેક નાની-નાની બાબતો પર ખાસ ધ્યાન આપી રહ્યા છે. જ્યારથી આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ ચાહકો તેની રાહ જોઈ રહ્યા છે કે તે ક્યારે આવશે. જોકે તે પહેલા આ ફિલ્મને લઈને મોટું અપડેટ સામે આવ્યું છે. રિપોર્ટ્સનું માનીએ તો રણબીર કપૂર ૨ માર્ચથી મુંબઈમાં રામાયણનું શૂટિંગ શરૂ કરશે. આ પછી એપ્રિલ અને મે મહિનામાં પણ બે શિડ્યુલનું આયોજન કરવામાં આવ્યું છે. રિપોર્ટ આવતાની સાથે જ આ ફિલ્મને લઈને આતુરતા વધી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કહેવામાં આવી રહ્યું છે કે 'કાસ્ટ અને ક્રૂને તાજેતરમાં જ જાણ કરવામાં આવી હતી કે ૨ માર્ચ એ મોટો દિવસ છે. નીતિશ સાહેબે ફિલ્મ સિટીમાં લાંબુ શેડ્યુલ બનાવ્યું છે. તબક્કાના પ્રથમ ભાગમાં, રણબીર અને સાઈ સંવાદો સહિત મુખ્ય દ્રશ્યોનું શૂટિંગ કરશે.



અહેવાલમાં આગળ જણાવામાં આવ્યું છે કે, 'યુદ્ધના ભાગો સહિત ભીડના મુખ્ય દ્રશ્યો એપ્રિલ અને મેમાં શૂટ કરવામાં આવશે. શહેરમાં ચોમાસું આવે તે પહેલા આ દ્રશ્યો પર શૂટિંગ કરી લેવામાં આવશેની વિચારણા ચાલી રહી છે. ડિરેક્ટર નીતિશ તિવારી અને ફ્લ્હ્ઠ પાવરહાઉસ DNEG એ તેમના આગામી મહાકાવ્ય માટે પૌરાણિક બ્રહ્માંડની રચનામાં મહિનાઓનું રોકાણ કરીને વ્યાપકપણે સહયોગ કર્યો છે. પૂર્વ-ઉત્પાદન તબક્કામાં કલાકારો સાથે દેખાવ પરીક્ષણો અને 3D મેપિંગ સત્રોનો સમાવેશ થાય છે. નિતેશ તિવારી અને રવિ ઉદયવાર દ્વારા સહ-દિગ્દર્શિત 'રામાયણ' વર્ષ ૨૦૨૫ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મ 'રામાયણ' ની મહાકાવ્ય વાર્તાને ઓસ્કાર વિજેતા કંપની ફ્લ્દ્ગઈ૯ દ્વારા બનાવવામાં આવેલ અદ્ભુત દ્રશ્યો અને પ્રભાવ સાથે દર્શાવશે. ફિલ્મમાં એક મજબૂત ભાવનાત્મક પાસું અને દર્શકો માટે એક શક્તિશાળી સંદેશ પણ હશે. નિર્માતાઓ ૨૦૨૫ના ઉત્તરાર્ધ સુધીમાં 'રામાયણ' રિલીઝ કરવાની યોજના ધરાવે છે.

# બધાને ખુશ કરી શકતા નથી ધનશ્રીએ ટ્રોલિંગ પર આપી પ્રતિક્રિયા

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી વર્માએ 'ઝલક દિખલા જા'માં એન્ટ્રી કરી છે. ધનશ્રી સોની ટીવીના આ ડાન્સ રિયાલિટી શોમાં વાઈલ્ડ કાર્ડ તરીકે સામેલ થઈ છે. ધનશ્રી સોશિયલ મીડિયા પર રીલ્સ પોસ્ટ કરવાથી લઈને તે એક સારી ડાન્સર પણ છે. પરંતુ તેના ડાન્સ વીડિયો અવારનવાર ટ્રોલ કરવામાં આવે છે. ટીવી૯ હિન્દી ડિજિટલ સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં ધનશ્રીએ આ ઓનલાઈન ટ્રોલિંગ વિશે ખુલીને વાત કરી. ધનશ્રી કહે છે કે તમે બધાને ખુશ નથી રાખી શકતા. ધનશ્રીએ કહ્યું, હું ઘણા સમય પહેલા શીખી ગઈ હતી કે હું મારી કળાથી દરેકને પ્રભાવિત કરી શકતી નથી. તમે જે કરો છો તે દરેકને ન ગમે. હું એવું વિચારીને આગળ વધતી નથી કે જો હું કંઈક કરીશ તો બધા ખુશ થશે. જીવન આવું છે. કેટલાક લોકો તમારાથી ખુશ થશે, કેટલાક લોકો નહીં. તમારે આગળ વધવું જ પડશે. લોકો તો ટ્રોલ કરતા રહે છે, ક્યારેક એક ટકા, ક્યારેક બે ટકા કે ક્યારેક ૧૦ ટકા, હું તેમનું ધ્યાન ના આપીને આગળ વધીશ. કારણ કે તે મારા માટે નથી થઈ રહ્યું. આવું દરેક સાથે થાય છે અને આગળ પણ ચાલુ રહેશે. તમારે શું જોઈએ છે તે તમારે નક્કી કરવાનું છે. મેં ઘણા સમય પહેલા આ બધાને ધ્યાન ન આપવાનું શીખી



લીધું છે. ઝલકના સ્ટેજ પર તેના અદ્ભુત ડાન્સ મૂવ્સને બતાવવા માટે ધનશ્રી તૈયાર છે . પતિ યુઝવેન્દ્રએ શું સલાહ આપી જ્યારે પૂછવામાં આવ્યું કે તેના જવાબમાં ધનશ્રીએ કહ્યું કે "તેને મને કોઈ સલાહ આપી નથી. કારણ કે હું ડાન્સ કરવાનું જાણું છું. પરંતુ તેનો સપોર્ચ અને શુભેચ્છાઓ હંમેશા મારી સાથે રહે છે. તે હંમેશા કહે છે કે તમે જે પણ કરો તે તમારા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરો. તે હંમેશા મારા ખૂબ વખાણ કરે છે. તે મને દરેક બાબતમાં પ્રોત્સાહિત કરે છે. આ વસ્તુ અમારા બંનેમાં છે, અમે હંમેશા એકબીજાને પ્રોત્સાહિત કરતા રહીએ છીએ.

# ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં મકરસક્રાંતિપર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકોને ઉતરાયણ પર્વ ઉત્સાહ અને ઉમંગથી ઉજવે તેવા ઉમદા હેતુથી આ શાળાના આસિસ્ટન્ટ શિક્ષક પરમાર નરેશભાઈ.ડી અને બીજા શિક્ષક ડીંડોર કિરીટ કુમાર.એમ દ્વારા બાલ વાટિકા થી લઈને ધોરણ ૧ થી ૮ ના ૩૫૦ બાળકોની પતંગ, ચીક્કી ,અને પૈવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામ ,શાળાના બાળકો અને શિક્ષક સ્ટાફ ગણ વચ્ચે આવા લાગણીના સંબંધો હંમેશા બની રહે ,તેમ જ ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળાની પ્રગતિ અને ઉન્નતિની પતંગ આમ જ ચગતી રહે.

### ઝાલોદ વણકતલાઇ મંદિરે અયોધ્યામાં યોજાનાર

# શ્રી રામના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત નગરના કાર્યક્રમો અંગે મીટિંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

તારીખ ૧૪-૦૧-૨૦૨૪ રવિવારના રોજ રાત્રીના ૦૮:૦૦ વાગે અયોધ્યામાં શ્રી રામ ભગવાનનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જે ઉજવાઈ રહેલ છે તે ઉત્સવને નગરમાં કેવી રીતે ઉજવવુ તે અંગે નગરના સહુ ઉપસ્થિત લોકોના વિચારો જાણવા માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરમાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની મંગલબેલાને બિરદાવવા નગરમાં ૨૧ તારીખે રાત્રે રામ જાગરણ થકી વિવિધ ભજન મંડળીઓ દ્વારા શહિદ રાજેશ ચોક ખાતે રાત્રીના ૦૮ કલાકે આખી રાત ચાલનાર છે. ત્યાર બાદ ૨૨ જાન્યુઆરીએ નગરના લોકો દ્વારા રામધૂન સાથે પ્રભાત ફેરી તેમજ ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યા પછી વિવિધ મંદિરોમાં ઘંટનાદ કરી અયોધ્યામાં થનાર પ્રતિષ્ઠા મહોત્સવને લાઈવ જોશે અને પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં શ્રી રામના જય જયકાર સાથે આરતી કરવામાં આવનાર છે. ભગવાન રામના પ્રતિષ્ઠા મહોત્સવને નગરના ધાર્મિક લોકો દ્વારા વધાવી મહાપ્રસાદનું આયોજન વણકતલાઈ મંદિરે ૦૧ વાગ્યાથી ચાલશે જે સાંજના ૫ વાગે સમાપન થઈ જસે. તેમજ નગરના સહુ લોકો ૨૨ જાન્યુઆરી એ ભગવાન શ્રી રામનો ઉત્સવ વિશેષ રીતે ઉજવવા નગરમાં વ્યાપાર રોજગાર સ્વેચ્છાએ બંધ રાખનાર છે. આ સમગ્ર કાર્યક્રમને ઉપસ્થિત સહુ લોકોએ સંપૂર્ણ સહકાર આપી ઉત્સવ ઉજવવા સહમત થયા હતા.

# સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે પવિત્ર મંદિરોની સ્વયં સફાઈ કરી અરવડેશ્વર મહાદેવ મંદિરની શિખર પ્રતિષ્ઠામાં ૧૨.૩૯ લાખનુ અનુદાન પણ આપ્યું

। સિધ્ધપુર, તા.૧૫ ।

અયોધ્યા ખાતે ૨૨ મી જાન્યુઆરીના રોજ ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને અનુલક્ષીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના તમામ મંદિરોની સફાઈ કરવાનું આહવાન કરેલ જેને સમર્થન આપવાના ભાગરૂપે સિદ્ધપુરના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ભાજપના આગેવાનો અને કાર્યકરો સાથે સિદ્ધપુર બાવાજીની વાડી ખાતે સિદ્ધનાથ મહાદેવ મંદિર પરિસરમાં અને સંત તપસ્વી દેવશંકર ગુરુ મહારાજના અરવડેશ્વર સ્થિત આશ્રમ પરિસરની સફાઈ કરી હતી ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીજીએ મહારાષ્ટ્રના નાસિક પંચવટી કાલા રામ મંદિર ખાતે સ્વયં સફાઈ કરીને આ અભિયાનની શરૂઆત કરાવી હતી આથી ભાજપે ૧૪ થી ૨૧ જાન્યુઆરી સુધી તમામ મંદિરોની સફાઈ કરવાનું અભિયાન ચલાવેલ છે. અરવડેશ્વર મહાદેવ ખાતે શિખર પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૧ કુંડી મહાયજ્ઞ-રુદ્ર શાંતિ યાગનું આયોજન મહાવદ એકાદશી બુધવાર તારીખ ૦૬/૦૩/૨૦૨૪ થી મહા વદ અમાવસ્યા તારીખ ૧૦/૦૩/૨૦૨૪ રવિવાર સુધી કરવામાં આવેલ છે વિક્રમ ગુરુ મહારાજના જણાવ્યા મુજબ યજ્ઞમાં કાળા તલથી એક કરોડ આહુતિ આપવામાં આવશે તેમજ પૂર્ણાહુતિના દિવસે સમગ્ર સિદ્ધપુર શહેરનો સામુહિક ભોજન સમારંભ યોજાશે. આ ધાર્મિક યાગને ધ્યાને રાખી કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉત્તરાયણના પવિત્ર દિવસે અરવડેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧૨.૩૯ કલાકે રુ.૧૨,૩૯૦૦૦/- દાનની જાહેરાત કરી અન્ય જરૂરી સહયોગ આપવાનું જણાવ્યું હતું

# ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામના યુવાનનુ અજાણ્યા વાહન ચાલકે એક્સિડન્ટ કરી મોત નિપજાવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

તારીખ ૧૩-૦૧-૨૦૨૪ શનિવારના રોજ અંદાજીત રાત્રીના ૮ વાગ્યાની આસપાસ કૃષ્ણારાજ ય્ન-૨૦૭૬-૯૫૧૦ નાની લઈને લીમડી થી ચાકલિયા તરફ આવતો હતો તે દરમિયાન બોરસદ ફળિયામાં આવતા કોઈ પૂરપાટ દોડતા અજાણ્યા વાહન ચાલકે મોટરસાયકલ ચાલકને અડફેટે લેતા તેને સ્થળ પર શરીરના વિવિધ ભાગો પર ગંભીર ઈજા થઈ હતી ત્યારબાદ પેથાપુર હોસ્પિટલના ડોક્ટર દ્વારા એક્સિડન્ટ થયેલ વાહન ચાલક કૃષ્ણરાજનું મોત થયેલ જણાવેલ હતું. આમ કોઈ અજાણ્યા વાહન ચાલક દ્વારા કૃષ્ણરાજના વાહનને ટક્કર મારી વાહનને નુકશાન કરી તેમજ વાહન ચાલકનું મોત નિપજાવી નાસી ગયેલ છે તે અંગે તેના પરિવાર જનો દ્વારા ચાકલીયા પોલિસ મથકે અજાણ્યા વાહન ચાલક પર ફરિયાદી દાખલ કરવામાં આવેલ છે.

# સંરક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા વિવિધ શસ્ત્ર-સરંજામને નિહાળવા યુવાનોમાં અનેરો ઉત્સાહ




। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

સંરક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા વિવિધ શસ્ત્ર- સરંજામ નિહાળવા યુવાનોમાં અનેરો ઉત્સાહ સાથે સાથે કુતૂહલનો વિષય હોય છે. ગાંધીનગરમાં યોજાઈ રહેલા ટ્રેડ શોમાં સંરક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા શસ્ત્રોના વિવિધ મોડેલ નું પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ભારતના સંરક્ષણ ક્ષેત્રને મજબૂતી આપવા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) કાર્યરત છે. દુશ્મનોનો મજબૂતીથી મુકાબલો કરવા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન વિવિધ પ્રકારની મારકક્ષમતા ધરાવતી મિસાઈલ, રોકેટ લોન્ચર અને અન્ય અસ્ત શસ્ત્ર બનાવી રહ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૨૪ અંતર્ગત DRDOના પેવેલિયનમાં થરમોબોરીક બોમ્બ, પિનાક રોકેટ,પિનાક લોન્ચર સહિતના વિવિધ સંરક્ષણ શસ્ત્રોના મોડેલ નિહાળવા મુલાકાતીઓનો ધસારો જોવા મળ્યો હતો.

# આયુષ્યમાન ભારત યોજના હેઠળ અંદાજે ૬.૨ કરોડથી વધુ નાગરિકોને વિનામૂલ્યે સારવાર

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોના આરોગ્યની દરકાર રાખવા અને સારવારના મસમોટા ખર્ચથી બચાવતી પ્રધાનમંત્રી આયુષ્માન યોજના સમગ્ર ભારતમાં કાર્યરત છે. આ યોજનાનું કાર્ડ કેવી રીતે બનાવી શકાય અને આ યોજના હેઠળ કોને કોને લાભ મળે તેની સંપૂર્ણ માહિતી ડોમ નંબર-૭માં આયુષ્યમાન ભારતના પેવેલિયનમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેની માહીતી માટે મુલાકાતીઓએ વ્યાપક પૃચ્છા કરી માહિતી મેળવવા ઉત્સુકતા દાખવી હતી. પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના વિશ્વની સૌથી મોટી સાર્વજનિક સ્વાસ્થ્ય આશ્વાસન યોજના છે. આ યોજના પ્રારંભ થઈ ત્યારથી લઈને અત્યાર સુધી આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૬.૨ કરોડથી વધુ નાગરિકોની વિનામૂલ્યે સારવાર વિવિધ હોસ્પીટલોમાં થઈ છે.૧૨ કરોડથી વધુ પરિવારોને આ કાર્ડ ઉપલબ્ધ કરાયા છે. ડોમ નંબર- ૭માં આ યોજનાની તમામ વિગતો ઉપલબ્ધ છે. જેમાં ઘરે બેઠા કઈ રીતે આયુષ્યમાન કાર્ડ કઢાવી શકાય અને તેનો લાભ લઈ શકાય તેની વિગતોથી મુલાકાતઓને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય મૈત્રી ક્યુબની વિગતો પણ આ ડોમમાં રસપ્રદ રીતે દર્શાવાઈ છે. કોરોના જેવી મહામારીએ સ્વાસ્થ્ય આપદાઓ પ્રત્યે આપણું ધ્યાન કેન્દ્રિત કર્યું છે ત્યારે આ આરોગ્ય મૈત્રી ક્યુબ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ સમયે ગમે ત્યાં કોઈપણ સંજોગોમાં મોબાઈલ હોસ્પિટલ ઊભી કરવાની ક્ષમતા રાખે છે.

# સંજેલીની શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં બાળકો દ્વારા ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી

### કાયમી ચીફ ઓફીસરનો અભાવ તેમજ નગરપાલિકાના જવાબદાર કર્મચારીઓનું કામ કરવા પ્રત્યેનું મનસ્વી વલણ જવાબદાર



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।



સંજેલી તાલુકા મથકે આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિધાલય કાર્યરત છે જેમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના બાળકોને શાળા પરિવાર દ્વારા પતંગો વિતરણ કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર મકવાણાએ ઉતરાયણ પર્વનું મહત્વ, દાનનું મહત્વ અને આ ઉતરાયણ પર્વમાં રાખવાની કાળજી વિશે બાળકોને વિસ્તૃત જાણકારી આપી હતી. તમામ બાળકોએ પતંગો ચગાવી આનંદ માણ્યો હતો સાથે સાથે શાળા સ્ટાફ સંગાડા અશ્વિનભાઈ, મકવાણા અલકાબેન, ખરાડી સગુણાબેન, ડામોર કિંજલબેન તમામ દ્વારા પતંગો ચગાવવાની મજા માણી હતી.

# મંડળ રેલવે મેનેજર અમદાવાદ દ્વારા કર્મચારીઓની સમસ્યાઓના સમાધાન માટે વ્યક્તિગત મુલાકાત



। અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્મા રેલવે કર્મચારીઓની ફરીયાદોના સમાધાન માટે દરેક મહિને દ્વિતીય અને ચતુર્થ બુધવારે કર્મચારીઓથી વ્યક્તિગત મુલાકાત કરે છે. આ ક્રમમાં આ બુધવારે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલએ મંડળ રેલવે મેનેજરને ૨ કર્મચારીઓની મુલાકાત કરાવી. આ મુલાકાતમાં એક કર્મચારીની ફરીયાદ પર મંડળ રેલવે મેનેજર મહોદયે તરત નિવારણ કરતાં તેમની સમસ્યાનું સમાધાન કરાવી આપ્યું. બીજા કર્મચારીની ફરીયાદ પર પણ નિયમાનુસાર કાર્યવાહી કરીને તેમની સમસ્યાનું વહેલીતકે નિવારણ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું. મંડળ રેલવે મેનેજર શ્રી શર્માએ જણાવ્યું કે તેમનો ઉદ્દેશ છે કે કર્મચારીઓની સમસ્યાનું તરત જ નિવારણ કરવું અને એ સુનિશ્ચિત કરવું કે કર્મચારી પોતાનું કામ કરવામાં સંઘર્ષનો અનુભવ ન કરે. તેમણે કહ્યું કે આ પ્રકારની મુલાકાતથી માત્ર સમસ્યા હલ કરવામાં મદદ મળે છે એવું નથી, પરંતુ કર્મચારીઓ વચ્ચેના સંબંધ પણ મજબૂત થાય છે.

# બાલ સખા ગ્રુપ દ્વારા સ્નેહમિલન સમારંભ

### બહેન-દીકરીઓ અને વડીલોના સન્માનમાં અનોખા કાર્યક્રમનું આયોજન

। અમદાવાદ, તા.૧૫ ।

તારીખઃ ૦૭.૦૧.૨૦૨૩ ના રોજ કાલુપુર વિસ્તારની અલગ અલગ પોળો, જેવી કે પટેલની પોળ, બકરી પોળ,છગનભાઈચંદની ખડકી, રણછોડજીની ખડકી, રાજારામ પરસોત્તમ ખડકી, દયટની ખડકીના જુના બાળપણના મિત્રો, આજથી છ વર્ષ પહેલાં વોટ્સએપ ગ્રુપ દ્વારા ''બાલ સખા''ના નામે શરુ કરવામાં આવેલ.

ગતવર્ષે ૭૫ વર્ષના વડીલોના સન્માન બાદ મળેલ હકારાત્મક પ્રતિસાદને ધ્યાનમાં લઈને આ વર્ષે ૨૨થી વધુ ૭૦ (સિત્તેર) વર્ષથી વધુ વયના વડીલો, ૨૨૨થી વધુ પરિણીત બહેન તથા ૬૪થી વધુ કુમારિકાઓનું સન્માન કરવાના એક કાર્યક્રમનું આયોજન જોઈતારામ પટેલ કોમ્યુનીટી હોલ, નવા વાડજ ખાતે ''સ્નેહમિલન'' કાર્યક્રમ અંતર્ગત થનાર કાર્યક્રમ કરવાનું નક્કી કરેલ છે. પોળની બહેન-દીકરીઓ તથા વડીલોનું પરંપરાગત રીતે માનભેર સન્માન કરવાના કાર્યક્રમમાં પોળના રહીશોએ ઉત્સાહભેર ભાગ લઈનેઆજનાસોશિયલમીડિયાનાયુગમાંઆડોશ-પડોશના સંબંધોને માનભેર સન્માન આપવાના અનોખા કાર્યક્રમને પોળના રહીશોએ સહર્ષ વધાવીને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. આજે શરૂઆતથી અંત સુધી કામના સ્થળે તમને સતત સ્ફૂર્તિનો અનુભવ થાય એવો આ દિવસ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારૂં પ્રિયપાત્ર તમારી પાસેથી ભેટ-સોગાદો ઉપરાંત તમારા સમયની પણ અપેક્ષા રાખશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું. નિર્ણય લેવાના તમારા માર્ગમાં ગવર્વને આવવા ન દેતા-તમારી હાથ નીચેના લોકોનું શું કહેવું છે તે સાંભળજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે. કામના સ્થળે આજે તમને સારા સમાચાર મળી શકે છે. દૂરના સ્થળોથી મોડી સાંજે સારા સમાચાર મળવાની વધુ શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### ખાદ્ય વસ્તુઓના ભાવ વધવા સાથે ડિસેમ્બરમાં મોંઘવારીનો દર ૦.૭૩ ટકા

| નવી દિલ્હી, તા.૧૫ |

સરકાર દ્વારા જારી કરાયેલા આંકડાઓ અનુસાર ડિસેમ્બરમાં મોંઘવારી દર ૦.૭૩ ટકા રહ્યો છે. ગત વર્ષે નવેમ્બરમાં તે ૦.૨૬ ટકા હતો. મોંઘવારી દરમાં થયેલો વધારો ખાદ્ય વસ્તુઓના વધેલા ભાવો દર્શાવે છે. જ્યારે જથ્થાબંધ કિંમત સૂચકાંક (ડબલ્યુપીઆઈ) ગત વર્ષે એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૩ વચ્ચે નકારાત્મક જ રહ્યો હતો. જ્યારે નવેમ્બરમાં તે ૦.૨૬ ટકા સકારાત્મક રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બરમાં ફૂડ ઈન્ફ્લેશન ૯.૩૮ ટકા થઈ ગયું હતું. જે નવેમ્બર ૨૦૨૩માં ૮.૧૮ ટકા હતું. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે એક નિવેદનમાં કહ્યું કે ગત વર્ષે ડિસેમ્બર ૨૦૨૩માં મોંઘવારીમાં તેજી એટલા માટે આવી કેમ કે ખાદ્ય વસ્તુઓ, મશીનરી અને ઉપકરણ, અન્ય વિનિર્માણ, અન્ય પરિવહન ઉપ કરણ અને કમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક્સ તથા ઓપ્ટિકલ પ્રોડક્ટ્સ વગેરેની કિંમતોમાં વધારો થયો હતો. ડિસેમ્બરમાં શાકભાજીનો મોંઘવારી દર ૨૬.૩૦ ટકા રહ્યો હતો. જોકે દાળનો મોંઘવારી દર ૧૯.૬૦ ટકા રહ્યો હતો.

### દર વખતે તમામ દેશ ભારતનું સમર્થન કરે એવું ન બની શકે

| નવી દિલ્હી, તા.૧૫ |

વિદેશ મંત્રી એસ. જયશંકરે માલદીવની સાથે ચાલી રહેલા વિવાદ પર મૌન તોડ્યું છે. જયશંકરે કહ્યું કે, 'આની કોઈ ગેરેન્ટી ન આપી શકાય કે તમામ દેશ દર વખતે ભારતનું સમર્થન કરશે કે તેનાથી સહમત થશે.' નાગપુરમાં ટાઉનહોલ બેઠક દરમિયાન જયશંકરે માલદીવ સાથે હાલમાં શરૂ થયેલા વિવાદ અંગે કહ્યું કે, રાજનીતિમાં હું ગેરેન્ટી ન આપી શકું કે તમામ દેશ દર વખતે આપણું સમર્થન કરશે. આપણે જે ગત ૧૦ વર્ષોમાં લોકો સાથે સંબંધો બનાવ્યા છે, તેમાં આપણને ખુબ સફળતા મળી છે અને અનેક દેશો સાથે સંબંધ મજબૂત થયા છે.' જયશંકરે રાજનીતિક સંબંધોમાં ઉતાર-ચઢાવ છતા લોકો વચ્ચે સકારાત્મક ભાવનાઓને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતા વૈશ્વિક સ્તરે મજબૂત સંબંધ બનાવવા માટે ગત એક દાયકામાં ભારતના પ્રયાસો પર વાત કરી. વિદેશ મંત્રી એસ. જયશંકરે તેની સાથે ચીન વિવાદ પર પણ પોતાનું મંતવ્ય રાખ્યું. તેમણે કહ્યું કે, બોર્ડર પર સંઘર્ષ વચ્ચે ચીન સાથેના સંબંધો સામાન્ય રીતે આગળ વધવાની આશા ન રાખવી જોઈએ.

### લઠ્ઠાકાંડની આશંકાએ પોલીસે શરૂ કરી તપાસ | ઘટનાના પગલે બે એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય

# ગાંધીનગરના લિહોડામાં બે વ્યક્તિના શંકાસ્પદ મોત

| ગાંધીનગર, તા.૧૫ |

ગાંધીનગરના લિહોડામાં બે વ્યક્તિના શંકાસ્પદ મોત થયા હતા. જ્યારે અન્ય આઠ લોકોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. ઘટનાની જાણ થતા પોલીસે લઠ્ઠાકાંડની આશંકાએ તપાસ શરૂ કરી હતી. મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય કાનજી ઉમેદ સિંહ અને ૩૬ વર્ષીય વિક્રમસિંહ રંગતસિંહ તરીકે થઈ છે. જ્યારે અન્ય આઠ લોકો ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. ગાંધીનગર જિલ્લાના રખિયાલ પોલીસે લઠ્ઠાકાંડની આશંકાએ તપાસ હાથ ધરી હતી. લિહોડા ગામના સરપંચ અજીતસિંહે કહ્યુ હતું કે બે લોકોના મોત થયા છે અને હજુ પણ એક વ્યક્તિની હાલત ગંભીર છે. સરપંચે કબૂલાત કરી હતી કે મૃતકો દારૂ પીવાની લત ધરાવતા હતા પણ ગામમાં દારૂ મળતો નથી. ઉત્તરાયણના



દિવસે જ નહીં નિયમિત પણે દારૂ પીવાના વ્યસની હતા. ગામમાં ઘટનાના પગલે બે એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી. કાનજી ઉમેદસિંહ ઝાલા અને વિક્રમ રંગતસિંહ નામના બે લોકોના મોત થયા છે. સરપંચે સ્વીકાર કર્યો હતો કે ગામમા કુલ ૨૪૦૦ થી ૩૦૦૦ ની વસ્તી છે. ૩૬ વર્ષીય વિક્રમસિંહની દારૂની લતના કારણે બે બાળકોએ પિતા ગુમાવ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા મૃતદેહ પરિવારજનોને સોંપાયા હતા. મૃતક વિક્રમસિંહના પિતા રંગતસિંહે કહ્યું હતું કે તેમના પુત્રને પીવાની આદત હતી પણ ક્યાંથી પીધું તે અંગે તેઓ અજાણ છે. તેમણે કહ્યું કે અમે ખેતરે ગયા હતા અને સાંજે ૫ કલાકે વિક્રમની તબિયત લથડી હતી. પરત આવતા તેને સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા.

પરિવારમાં ત્રણ ભાઈઓ છે અને વિક્રમને બે પુત્રો છે. આ મામલે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મિથેનોલ આવ્યું નથી. હ્લન્જીના રિપોર્ટ મુજબ મિથેનોલ મૃત્યુનું કારણ નથી. સૂત્રોએ કહ્યું હતું કે કોઈ ઝેરી પદાર્થ ખાવા કે પીવાથી મોત થયાની આશંકા છે. ગાંધીનગરના દહેગામના પનાના મુવાડા ગામમાં કાનજી ઝાલાના મોત બાદ ગામના સરપંચ અને પિતરાઈ ભાઈ માનસિંહ ઝાલાએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કાનજીએ ઉત્તરાયણના દિવસે દેશી દારૂ પીધો હતો. પીધા બાદ તબિયત લથડી હતી અને મોઢામાં ફીણ આવ્યા હતા. સરપંચે પ્રશાસન પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે મોટા મુવાડા, નાગજીના મુવાડા, કડુજીના મુવાડા સ્થળોએ દારૂના અડ્ડા ચાલે છે. અમે જાણ કરી હતી છતાં પોલીસે પગલા ભર્યા નહોતા. બીટ જમાદારને અનેક રજૂઆત કરી છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ગામમાં પહેલા પણ એક બે મોત થતા હતા પણ સામાન્ય લાગતું હતું પરંતુ એક સાથે બે લોકોના મોત થયા અને ચાર લોકોની તબિયત ખરાબ છે એટલે મામલો સામે આવ્યો છે. સરપંચ તરીકે પોતે અડ્ડા પર જઈને કહ્યું હતું તો જવાબ મળતો હતો કે અમારા હપ્તા ચાલે છે.

### ગ્રામજનોમાં ફફડાટનો માહોલ

# હરિપરા ગામે આવી ચડેલા ૫ સિંહે ૩ ગાયનું કર્યું મારણ

### અમરેલી જિલ્લાના ધારી તાલુકાના તુલસીશ્યામ રોડ ઉપર આવેલું હરીપરા ગામ છે

| (એજન્સી) અમરેલી, તા.૧૫ |

અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં સિંહ પરિવાર વસવાટ કરે . આ સિંહ પરિવારો અમરેલી જિલ્લાના ધારી, સાવરકુંડલા, ખાંભા, રાજુલા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં શિકારની શોધ માટે આંટાફેરા મારતા હોય છે. ત્યારે ધારી તાલુકાના તુલસીશ્યામ રોડ ઉપર આવેલા હરીપરા ગામે મધ્ય રાત્રિએ પાંચ સિંહ શિકારની શોધમાં આવી ચડ્યા હતા. જ્યાં તેમણે ત્રણ ગાયનું મારણ કર્યું હતું. અમરેલી જિલ્લાના ધારી તાલુકાના તુલસીશ્યામ રોડ ઉપર આવેલું હરીપરા ગામ છે. આ ગામ ગીર વિસ્તારની અંદર આવે છે. જેથી આ ગ્રામીણ વિસ્તારમાં અવારનવાર શિકારની શોધમાં વન્ય પ્રાણીઓ આવતા હોય છે. જેમાં અડધી રાત્રે આવી ચડેલા પાંચ સિંહે ત્રણ ગાયનું મારણ કર્યાની ઘટના સામે આવતા સમગ્ર ગ્રામીણ વિસ્તારમાં અરેરાટીનો માહોલ વ્યાપી ગયો હતો. આ




સમગ્ર ઘટના ઝઝ્રફ કેમેરામાં કેદ થઈ હતી. જેમાં ગામની અંદર આંટાફેરા મારતા સિંહ નજરે ચડ્યા હતા. આ દશ્યો જોતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સિંહ અવારનવાર શિકારની શોધમાં આવી ચડે છે. તેથી સોશિયલ મીડિયામાં શિકાર કરતા અને લટર મારતા વીડિયો પણ અવારનવાર વાયરલ થયા કરે છે.

### અંબાજીમાં અસામાજિક તત્વોનો આતંક

# દારૂના નશામાં યુવકોએ બસ પર કર્યો પથ્થરમારો

### બસ રાજસ્થાનના પાલી ડેપોની છે, જો કે બનાવની જાણ થતા પોલીસે એક આરોપીની અટકાયત કરી હતી

| (એજન્સી) અંબાજી, તા.૧૫ |

યાત્રાધામ અંબાજીમાં અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો હતો. મળતી જાણકારી અનુસાર, દારૂના નશામાં કેટલાક શખ્સોએ રાજસ્થાનની બસ પર પથ્થરમારો કર્યો હતો. દારૂના નશામાં કેટલાક યુવકોએ બાઈક લઈને જોધપુરથી હિંમતનગર જતી બસનો પીછો કર્યો હતો અને તેના પર પથ્થરમારો કર્યો હતો. બસ રાજસ્થાનના પાલી ડેપોની છે. જો કે બનાવની જાણ થતા પોલીસે એક આરોપીની અટકાયત કરી હતી. બીજી તરફ બનસાકાંઠામાં બિસ્માર રસ્તાઓની વાહન ચાલકો પરેશાન થયા હતા. ઈકબાલ ગઢથી વિરમપુર અને અંબાજી જવાનો માર્ગ છેલ્લા એક વર્ષથી બિસ્માર હાલતમાં છે. માર્ગ અને મકાન વિભાગે નવો રોડ બનાવવાની મંજૂરી આપી હતી. જો કે મંજૂરી બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રોડ બનાવવાની કામગીરી શરૂ કરાઈ હતી અને માટીકામ અને કોક્રીટનું કામ કરવામાં આવ્યું છે પરંતુ ત્યાર બાદ છેલ્લા કેટલાય વર્ષોથી ડામર કામ કરવામાં આવતું નથી. જેના કારણે ઈકબાલ ગઢથી વિરમપુર,અંબાજી, અમીરગઢ તરફ જતા વાહન ચાલકો પરેશાન થયા છે. રોડ પરથી ઉડતી ધૂળ અને રોડ પરથી ઉડતી કાંકરી અકસ્માતનું જોખમ સર્જે છે અને જેને લીધે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વાહન ચાલકોની માંગ છે કે આ રોડનું કામ સત્વરે થાય અને લોકોની મુશ્કેલીઓને અંત આવે. સુરતની મહિલાએ તાપી નદીમાં મોતની છલાંગ લગાવી છે. કામરેજના ખોલવડ પાસે તાપી નદીમાં કુદી મહિલાએ જીવન ટૂકાવ્યું છે. કામરેજ પોલીસે મહિલાના મૃતદેહનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે. મૃતક સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા હતા. તાપી નદીમાં મોતની છલાંગ લગાવનાર મહિલાનું નામ કોમલ નિમાવત છે. એક વર્ષ પહેલાં મહિલાના છૂટાછેડા થયા હતા. કામરેજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તાપી નદીમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

### 'સ્વચ્છતા હી સેવા' મિશન અંતર્ગત ધંધુકા નગરપાલિકા દ્વારા હાથ ધરાયું સ્વચ્છતા અભિયાન



ધંધુકા નગરપાલિકા દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ તેમજ સ્વચ્છતા એ જ સેવાની કામગીરીના ભાગરૂપે ધંધુકા મામલતદારશ્રીની અધ્યક્ષતામાં ધંધુકા શહેર વિસ્તારમાં આવેલ ભવાની મંદિરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા સ્ટાફ દ્વારા સ્વચ્છતા ત્યાં પ્રભુતા સૂત્રને સાર્થક કરવાની દિશામાં શ્રમદાન કરીને મંદિરને સ્વચ્છ બનાવવા કામગીરી કરવામાં આવી હતી.

### 'કરુણા અભિયાન' અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૧૯૬૨ એનિમલ હેલ્પલાઇન અંતર્ગત છેલ્લા પાંચ દિવસોમાં ૫૪૮ જેટલા અબોલ પશુ-પક્ષીઓના જીવ બચાવાયા

| અમદાવાદ, તા.૧૫ |

ઉતરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી કોઈ અબોલ પશુ-પક્ષી ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી ૨૦૨૪ સુધી રાજ્યવ્યાપી કરુણા અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-દર્શનમાં યોજાઈ રહ્યું છે. આ કરુણા અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન દ્વારા ૧૦ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં ૫૪૮ જેટલા અબોલ પશુ-પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યાં છે. રાજ્ય સરકારની એનિમલ હેલ્પલાઈન ૧૯૬૨ પર એક કોલ કરવા માત્રથી શહેરીજનોને ખૂબ સરળતાથી ઘાયલ થયેલ પશુ-પક્ષીઓના જીવ બચાવવામાં મદદરૂપ થાય છે. ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન સ્થળ પર પહોંચીને ઘાયલ થયેલ પશુ-પક્ષીઓને સ્થળ પર જ સારવાર પૂરી પાડે છે. ઉત્તરાયણના પર્વ નિમિતે પતંગની દોરી દ્વારા પક્ષીઓને નુકસાન પહોંચતુ હોય છે તથા વધુ પડતાં ખાદ્ય ખોરાક ખાવાથી પશુની તબિયત ગંભીર રીતે બગડતી હોય છે.

## બાવળાના શિયાળ ખાતે આયોજિત પ્રધાનમંત્રી જનમન સમારોહમાં કેન્દ્રીય મંત્રી ડો. ભાગવત કરાડની ઉપસ્થિતિ

| (માહિતી) અમદાવાદ, તા.૧૫ |

કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી ડૉ. ભાગવત કરાડના અધ્યક્ષસ્થાને અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના શિયાળ ગામે પ્રધાનમંત્રી જનમન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરના PVYG લાભાર્થીઓ સાથે કરેલા સંવાદનું જીવંતપ્રસારણ શિયાળ ગામે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના લાભાર્થીઓ સાથે સાહજિક સંવાદ કર્યો હતો.

જેમાં તેમણે કેન્દ્ર સરકાર દેશના છેવાડાના વિસ્તારના આદિજાતિ સમુદાયને વિકાસની મુખ્ય ધારામાં જોડવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રી ડૉ. ભાગવત



કરાડે સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં દેશની તસ્વીર અને તકદીર બન્ને બદલાઈ છે. વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન પદના શપથ લીધા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનસેવક તરીકે કાર્યરત રહેવાનું વચન આપ્યું હતું. જેનું પાલન કરતાં તેઓ દેશના તમામ નાગરિકોની ઉન્નતી માટે પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ખાસ કરીને દેશના PVYG વર્ગના લોકોને આરોગ્ય, અભ્યાસ, આવાસ, રોડ રસ્તાની શ્રેષ્ઠ સેવાઓ કરાવવાને પ્રાધાન્ય આપ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, બિરસા મુંડાજીની જન્મજયંતી ૧૫ નવેમ્બરને "જનજાગરણ દિવસ" તરીકે જાહેર કરી કેન્દ્ર સરકારે દેશભરમાં વસતા લાખો આદિવાસીઓને સન્માન આપ્યું છે. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે ગરીબોનો ઉત્કર્ષ જરૂરી છે. દેશના ૧૮ રાજ્યોમાં વસતા આદિવાસી સમુદાયના લોકોના વિકાસ માટે પ્રધાનમંત્રી જનમન યોજના હેઠળ કેન્દ્ર સરકારના નવ વિભાગોની કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી જનમન સમારોહમાં કેન્દ્રીય મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આવાસના વર્ક ઓર્ડર, ગેસકીટ, આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરાયું હતું. તદુપરાંત ક્લિનિક ઓન વ્હીલને પણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આજના સમારોહમાં સાંસદ શ્રી કિરીટ સોલંકી, શ્રી હસમુખ પટેલ તથા ધારાસભ્ય સર્વ શ્રી કિરીટસિંહ ડાભી, કાળુભાઈ ડાભી, કનુભાઈ પટેલ, બાબુસિંહ જાદવ, અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ કંચનબા વાઘેલા, અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.કે.દવે સહિતના મહાનુભાવો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વના પાંચ અબજ લોકો સામે ભયંકર આર્થિક સંકટની સ્થિતિ

| નવી દિલ્હી, તા.૧૫ |

દુનિયામાં ધનિકો અને ગરીબો વચ્ચે અંતર વધતું જઈ રહ્યું છે. દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમાં આયોજિત બેઠકમાં ઓક્સફેમ દ્વારા એક રિપોર્ટ રજૂ કરાયો હતો જેમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા હતા. એક તરફ જ્યાં વિશ્વના ૫ સૌથી ધનિક લોકોની સંપત્તિ બમણી થઈ ચૂકી છે ત્યાં ૫ અબજ લોકો સામે ભયંકર નાણાકીય સંકટની સ્થિતિ જોવા મળી રહી છે. ઓક્સફેમના વાર્ષિક રિપોર્ટમાં કોરોના મહામારી બાદ ઉદભવેલા આર્થિક પડકારો વચ્ચે ફરીથી સંપત્તિ સંગ્રહ કરવાની ચિંતાજનક પ્રવૃત્તિ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ૨૦૨૦માં દુનિયાના ૫ સૌથી ધનિક લોકોની સંયુક્ત સંપત્તિ ૪૦૫ બિલિયન ડૉલર હતી જે ગત વર્ષે ૨૦૨૩ માં વધીને બમણી ૮૬૯ બિલિયન ડૉલર થઈ ચૂકી છે. આ ધનિકોએ અલગ અલગ રીતે સંપત્તિ એકઠી કરી હતી. સંપત્તિ અને ધન એકઠું કરવામાં ફક્ત ટોપ ૫ લોકો જ આગળ રહ્યા નથી પણ અનેક અબજપતિઓએ ધૂમ કમાણી કરી છે. અમુક ધનિકોએ જ શ્રમિકોનું શોષણ કરી પૈસા ભેગાં કર્યા છે અને અમુકે ટેક્સ ચોરી તથા રાજ્ય સરકારના કામનું ખાનગીકરણ કરી પૈસા રળ્યાં છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨